dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 58 | AD - 2025, Magshar Sud -11 | Monday, Dt.01-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**પ્રધાનમંત્રી મોદીએ દેશમાં રેકોર્ડ અનાજ ઉત્પાદન, રમતગમતમાં ભારતની સિદ્ધિઓ અને અવકાશ ક્ષેત્રમાં ભારતની ઉચ્ચ વૃદ્ધિ વિશે મન કી બાતમાં વાત કરી**

# ભારતની મહાન સંસ્કૃતિમાં શાંતિ અને કરુણા સર્વોપરી રહ્યા છે : વડાપ્રધાન

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કહી હતી તેમણે જણાવ્યું હતું કે મારા પ્રિય દેશવાસીઓ, ભારતની સુરક્ષા વ્યવસ્થા મજબૂત થાય ત્યારે દરેક ખુશ થાય છે. તાજેતરમાં,આઈએનએસ માહે લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું નામ માહે નામના સ્થળ પરથી રાખવામાં આવ્યું છે, જેનો સમૃદ્ધ વારસો છે. કેરળ અને તમિલનાડુના લોકોએ તેની પ્રશંસા કરી છે. આપણી નૌકાદળ ઝડપથી આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહી છે. આપણે ૪ ડિસેમ્બરે નૌકાદળ દિવસ ઉજવીશું. આ દિવસ આપણા બહાદુર નૌકાદળના જવાનોને સન્માનિત કરવાનો અવસર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે મહાભારતનું યુદ્ધ હરિયાણાના કુરુક્ષેત્રમાં થયું હતું. હવે, આ યુદ્ધનો અનુભવ કુરુક્ષેત્રમાં ડિજિટલી અનુભવી શકાય છે. કુરુક્ષેત્રના બ્રહ્મ સરોવર ખાતે યોજાયેલા ગીતા મહોત્સવમાં ભાગ લેવાનો મને પણ આનંદ થયો. યુરોપ અને મધ્ય એશિયા સહિત વિશ્વભરના ઘણા દેશોએ આ ઉત્સવમાં ભાગ લીધો હતો. આ વર્ષે, સાઉદી અરેબિયામાં પહેલીવાર ગીતા રજૂ કરવામાં આવી હતી. ભારતની મહાન સંસ્કૃતિમાં શાંતિ અને કરુણા સર્વોપરી રહ્યા છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, જ્યારે ચારે બાજુ ભયનું વાતાવરણ હતું, ત્યારે જામનગરના જામસાબે યુદ્ધ દરમિયાન યહૂદી બાળકોનું રક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે ગુજરાતમાં હજારો યહૂદી બાળકોને આશ્રય આપીને તેમનું રક્ષણ કર્યું હતું, જે આજે પણ એક ઉદાહરણ છે. ગયા વર્ષે, મને



પોલેન્ડના વોર્સોમાં જામસાબેની પ્રતિમા પર શ્રદ્ધાંજલિ આપવાની તક મળી, જે મારા માટે એક અવિસ્મરણીય ક્ષણ હતી.

જ્યારે ચંદ્રયાન ૨ સંપર્કમાંથી બહાર ગયો, ત્યારે સમગ્ર દેશ અને વૈજ્ઞાનિકો થોડી ક્ષણો માટે નિરાશ થયા, પરંતુ તે જ દિવસે, વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન-૩ ની સફળતાની વાર્તા લખવાનું શરૂ કર્યું. જ્યારે પણ હું યુવાનોનો જુસ્સો અને વૈજ્ઞાનિકોના સમર્પણને જોઉં છું, ત્યારે મારું હૃદય ઉત્સાહથી ભરાઈ જાય છે, આ જ આપણા દેશની તાકાત છે.

આપણે બધા મધની મીઠાશથી પરિચિત છીએ, પરંતુ તેમાં થતી મહેનતનો આપણને ખ્યાલ નથી. જમ્મુ અને કાશ્મીરના સુલાઈમાં મધને જીઆઇ ટેગ મળ્યો છે, જેને દેશભરમાં માન્યતા મળી છે. દક્ષિણ કન્નડ જિલ્લાની વનસ્પતિ મધ ઉત્પાદન માટે ઉત્તમ માનવામાં આવે છે. અહીં, એક ગામડાની સંસ્થાએ મધનું બ્રાન્ડિંગ કર્યું છે અને તેને શહેરોમાં વેચ્યું છે, જેનાથી ખેડૂતોને ફાયદો થયો છે. આજે, ભારત મધ ઉત્પાદનમાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. આજે, ભારતમાં મધનું ઉત્પાદન ૧૫૦,૦૦૦ મેટ્રિક ટનથી વધુ થઈ ગયું છે. આનાથી હજારો લોકોને રોજગારીની તકો મળી છે. આનાથી દેશના દરેક ખૂણામાં મધની મીઠાશ વધી રહી છે અને ખેડૂતોની આવકમાં વધારો થઈ રહ્યો છે. સ્કાયરૂટના ઈન્ફિનિટી કેમ્પસે તાજેતરમાં ભારતના અવકાશ ઈકોસિસ્ટમને એક નવો વેગ આપ્યો છે. દેશે કૃષિ ક્ષેત્રમાં પણ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે, ૩૫૭ મિલિયન ટન ખાદ્ય અનાજ ઉત્પાદન સાથે રેકોર્ડ બનાવ્યો છે. થોડા દિવસો પહેલા જ, ભારતે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. આ સિદ્ધિઓ દેશ અને તેના નાગરિકોની છે. આપણા ખેલાડીઓએ રમતગમતમાં પણ દેશનું ગૌરવ વધાર્યું છે. મિત્રો, જો સમર્પણ હોય, ટીમ તરીકે કામ કરવાનો આત્મવિશ્વાસ હોય અને ફરીથી ઉભા થવાની હિંમત હોય, તો સૌથી મુશ્કેલ કાર્યો પણ પૂર્ણ કરી શકાય છે. આજે, વિશ્વભરના દેશો અવકાશની ઊંચાઈઓ સર કરી રહ્યા છે.

# નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પર નવી એફ.આઇ.આર. દાખલ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

નેશનલ હેરાલ્ડ કેસમાં નવી એફઆઈઆર દાખલ કરવામાં આવતા વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમની માતા સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી રહી છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પર ગુનાહિત કાવતરાનો આરોપ છે. આ એફઆઈઆરમાં છ અન્ય વ્યક્તિઓ અને ત્રણ કંપનીઓના આરોપી તરીકે નામ આપવામાં આવ્યા છે. આ નવી એફઆઈઆર દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા દાખલ કરવામાં આવી



છે. એવો આરોપ છે કે કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલી કંપની એજેએલને કપટથી કબ્જે કરવા માટે ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હતું.

રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી વિરુદ્ધ આ એફઆઈઆર ૩ ઓક્ટોબરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ની ફરિયાદના આધારે દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ ઈડીએ તેનો તપાસ અહેવાલ દિલ્હી પોલીસ સાથે શેર કર્યો.પીએમએલએની કલમ ૬૬(૨) હેઠળ, ઈડી કોઈપણ એજન્સીને અનુસૂચિત ગુનો નોંધવા માટે કહી શકે છે.

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના વડા સામ પિત્રોડા અને ત્રણ અન્ય લોકોનું નામ આરોપી તરીકે છે. ત્રણ કંપનીઓ - એજેએલ, યંગ ઈન્ડિયન અને ડોટેક્સ મર્ચેન્ડાઈઝ પ્રાઈવેટ લિમિટેડ - ના પણ આરોપી તરીકે નામ આપવામાં આવ્યા છે.

# પાકિસ્તાને ઓપરેશન સિંદૂર પછી આતંકવાદીઓના ૭૨ થી વધુ લોન્ચપેડ અંતરિયાળ વિસ્તારોમાં ખસેડ્યા : બી. એસ. એફ.

જમ્મુ,તા.૩૦

પાકિસ્તાને ઓપરેશન સિંદૂર પછી આતંકવાદીઓને ભારતીય સરહદમાં ધકેલવા માટે રચાયેલ ૭૨ થી વધુ લોન્ચપેડ, અંતરિયાળ વિસ્તારોમાં ખસેડ્યા છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સના એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે આ માહિતી જાહેર કરી. તેમણે કહ્યું કે જો સરકાર ક્રોસ બોર્ડર ઓપરેશન, "ઓપરેશન સિંદૂર" નું બીજું સંસ્કરણ શરૂ કરવાનો નિર્ણય લે છે, તો દળ દુશ્મનને ભારે નુકસાન પહોંચાડવા માટે તૈયાર છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે બીએસએફ ૭-૧૦



મે દરમિયાન ચાર દિવસ માટે લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે થયેલા કરારનું સન્માન કરી રહ્યું છે. બીએસએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ વિક્રમ કુંવરે પત્રકારોને જણાવ્યું હતું કે, "ઓપરેશન સિંદૂર દરમિયાન બીએસએફ દ્વારા સરહદ પર અનેક આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યા પછી, પાકિસ્તાન સરકારે આવા કેન્દ્રોને અંતરિયાળ વિસ્તારોમાં ખસેડ્યા છે." સિયાલકોટ અને ઝફરવાલમાં લગભગ ૧૨ લોન્ચપેડ કાર્યરત છે, જે વાસ્તવમાં સરહદ પર નથી. "તેવી જ રીતે, સરહદથી દૂર અન્ય અંતરિયાળ વિસ્તારોમાં ૬૦ લોન્ચપેડ કાર્યરત છે," .આઈજીએ કહ્યું, બીએસએફ દ્વારા થયેલા નુકસાનમાંથી બહાર નીકળવામાં તેમને ઘણો સમય લાગ્યો. તેમણે ઉમેર્યું કે બીએસએફ બદલાતી પરિસ્થિતિઓ અનુસાર તેની યોજનાઓને અનુરૂપ બનાવી રહ્યું છે અને તક મળતાં યોગ્ય પગલાં લેશે. અધિકારીએ કહ્યું, "હાલમાં સરહદ પર આતંકવાદીઓની કોઈ હિલચાલ નથી જે ચિંતાનું કારણ બને છે.

# બિહારમાં તેજસ્વી મહાગઠબંધન વિધાનસભાના નેતા તરીકે ચૂંટાયા

(એચ.એસ.એલ),પટણા,તા.૩૦

બિહાર વિધાનસભાનું શિયાળુ સત્ર ૧ ડિસેમ્બરથી શરૂ થવાનું છે. તે પહેલાં, શનિવારે મહાગઠબંધનના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી, જ્યાં તેજસ્વી યાદવ સર્વાનુમતે વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા હતા. તેજસ્વી યાદવના નિવાસસ્થાને મહાગઠબંધનના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. મહાગઠબંધન વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટાયા બાદ, તેજસ્વી યાદવે ધારાસભ્યોને કહ્યું કે તેઓ શિયાળુ સત્ર દરમિયાન સરકાર સામે હુમલો કરશે. કાયદો અને વ્યવસ્થા અને ભ્રષ્ટાચારના મુદ્દાઓ પર સરકારને ઘેરવા અને હુમલો કરવા માટે એક રણનીતિ વિકસાવવામાં આવી હતી. તેજસ્વી યાદવે ધારાસભ્યોને ગૃહમાં એકતામાં રહેવા પણ વિનંતી કરી.દરમિયાન, બિહારમાં નવી સરકારની રચના બાદ, રાજધાની પટનામાં જિલ્લા વહીવટીતંત્રે વિધાનસભાના શિયાળુ સત્ર માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરી છે. ૧ થી ૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલનારા આ સત્ર દરમિયાન પટનામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ અમલમાં રહેશે.

# શિયાળુ સત્ર પહેલા રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સર્વપક્ષીય બેઠક યોજાઈ

**સરકાર લોકશાહી અને સંસદીય પરંપરાઓનો નાશ કરવા માંગે છે : કોંગ્રેસ**

નવીદિલ્હી,તા.૩૦

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે. આ શિયાળુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકાર અને વિપક્ષ વચ્ચે અનેક મુદ્દાઓ પર હોબાળાના સંકેતો પહેલાથી જ દેખાઈ રહ્યા છે. રવિવારે શિયાળુ સત્ર પહેલા



કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં જેપી નડ્ડા, કિરન રિજજુ, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, ગૌરવ ગોગોઈ અને અન્ય નેતાઓએ હાજરી આપી હતી. સર્વપક્ષીય બેઠક પછી કોંગ્રેસના લોકસભા સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું, "એવું લાગે છે કે સરકાર, ભાજપ અને વડા પ્રધાન ભારતની લોકશાહી અને સંસદીય પરંપરાઓનો નાશ કરવા માંગે છે." તેમણે કહ્યું, "આ કદાચ સૌથી ટૂંકું શિયાળુ સત્ર છે; એવું લાગે છે કે સરકાર સંસદને પાટા પરથી ઉતારવા માંગે છે."







# દિલ્હીમાં હવાની ગુણવત્તામાં આંશિક સુધારો : એક્યુઆઇ સુધરીને ૨૬૮ થયો

નવીદિલ્હી,તા.૩૦

છેલ્લા કેટલાક દિવસોથી 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં રહ્યા પછી, રવિવારે સવારે રાષ્ટ્રીય રાજધાનીની હવાની ગુણવત્તામાં થોડો સુધારો જોવા મળ્યો. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, રવિવારે સવારે ૮ વાગ્યે દિલ્હીનો એકંદર હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઇ) સુધરીને ૨૬૮ થયો, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે.રવિવારે સવારે વઝીરપુરમાં એક્યુઆઇ ૨૩૫ નોંધાયું, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે, જ્યારે સોનિયા વિહારમાં હવા ગુણવત્તા ઘટીને ૨૨૫ થઈ ગઈ. ચાંદની ચોક વિસ્તારમાં સવારે ૮ વાગ્યે 'ખરાબ' એક્યુઆઇ ૧૯૩ નોંધાયું. જહાંગીરપુરીમાં એક્યુઆઇ ઘટીને ૨૨૭ થઈ ગયો, જ્યારે દ્વારકામાં ૩૦ નવેમ્બરે સવારે ૮ વાગ્યે ૧૪૩ નો એક્યુઆઇ નોંધાયો. અન્ય વિસ્તારોમાં રોહિણી (૨૯૯), બાવાના (૨૯૬), વિવેક વિહાર (૨૨૧), પટપડગંજ (૨૧૨), નહેરુ નગર (૩૨૭), સિરી ફોર્ટ (૨૪૮), ઓખલા ફેઝ ૨ (૨૧૭), લોધી રોડ ૨ (૧૮૪), નજફગઢ (૧૮૦) અને શ્રી અરવિંદો માર્ગ (૧૯૩)નો સમાવેશ થાય છે.



**રાજ્ય મંત્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિ**

# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના મુખ્ય કાર્યાલયનું દિલીપ સંઘાણીના હસ્તે ભૂમિ પૂજન

અમરેલી, તા.૩૦

ગાવડકા ખાતે અમર ડેરી ચિલિંગ સેન્ટરમાં ધ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના મુખ્ય કાર્યાલયનું ભૂમિપૂજન આજે કરવામાં આવ્યું હતું. આ ભૂમિપૂજન દેશનાં સહકારી નેતા IFFCO અને NCUIના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું, હતું. આ









તકે રાજ્યકક્ષાના ઊર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ નવી હેડ ઓફિસ અમરેલી જિલ્લાની સહકારી પ્રવૃત્તિઓને નવી દિશા આપશે અને વિકાસની ગતિને વધુ તેજ બનાવશે તેવો વિશ્વાસ દિલીપ સંઘાણીએ વ્યક્ત કર્યો હતો. આ તકે પૂર્વ સાંસદ નારણ કાછડીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતિભાઈ પાનસુરીયા, પ્રદેશ ભાજપ ખેડૂત મોરચાના મહામંત્રી હિરેન હિરપરા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી, ભાવનાબેન ગોંડલીયા અને સહકારી આગેવાનો સહિત ટીમ સહકારે હાજરી આપી હતી.

# સાવરકુંડલામાં તંત્રની નિષ્ક્રિયતા સામે વિદ્યાર્થિનીઓએ ઝાડુ ઉઠાવ્યું : કન્યા છાત્રાલય પાસે ગંદકીના અંબારની સ્વયં સફાઈ કરી

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં આવેલ કપોળ વિદ્યાર્થી ગૃહ કન્યા છાત્રાલય પાસે અત્યંત ગંદકીનો અંબાર જમા થયો હતો. આ અંગે ગૃહમાતા અને શિક્ષિકાઓ દ્વારા અનેક વખત ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. તંત્રની આ નિષ્ક્રિયતાથી કંટાળીને અંતે છાત્રાલયની આશરે



૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ સ્વયં રોડ પર આવીને આસપાસની ગંદકી ઉપાડી તેનો નિકાલ કર્યો હતો. આ ઘટના સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી અને જવાબદારીના અભાવને સ્પષ્ટપણે ઉજાગર કરે છે. જે કામ તંત્રની નૈતિક જવાબદારી છે, તે કામ અહીં ભણવા અને રહેવા માટે આવતી વિદ્યાર્થિનીઓએ કરવું પડે તે કેટલું વ્યાજબી છે? તેવો પ્રશ્ન ઉદ્દભવ્યો છે. આ સ્થિતિ જોતા લાગે છે કે સફાઈની વ્યવસ્થા માત્ર કાગળ પર જ છે અને વાસ્તવિકતામાં તેનો અમલ થતો નથી.

# અમરેલીમાં બંધારણ દિવસે મનુસ્મૃતિ પુસ્તકના વિતરણ મુદ્દે સાવરકુંડલા વકીલ મંડળના સભ્યોનો વિરોધ

અમરેલી, તા.૩૦

અમરેલી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોસિક્યુશન દ્વારા ભારતીય બંધારણ દિવસ નિમિત્તે ૨૬-૧૧-૨૦૨૫ના રોજ સરકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ડો. બાબાસાહેબનું, દલિત સમાજનું અને બંધારણનું અપમાન થાય એવા બદઈરાદા સરકારી



વકીલ મમતાબેન ત્રિવેદીએ સરકારી ખર્ચે જેના અનુસંધાને શનિવારના રોજ સાવરકુંડલા બાર એસોસિએશનના મેમ્બરો દ્વારા ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, સાવરકુંડલાના એડિશનલ સેશન જજ શેઠી સાહેબ મારફત આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયેલ આ બાબતે સાવરકુંડલા બાર એસોસિએશનના સભ્યો હિંમતભાઈ ડી બગડા, વગેરેએ ઉગ્ર વિરોધ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા આવેદન સ્વરૂપે માંગણી કરેલ છે.

# અમરેલીમાં આમઆદમી પાર્ટી દ્વારા જિલ્લા સંગઠનને મજબૂત બનાવવા મિટિંગ યોજાઈ

અમરેલી, તા.૩૦

અમરેલીમાં આજે આમઆદમી પાર્ટી દ્વારા જિલ્લામાં સંગઠનના મજબુતીકરણ અને આગામી કાર્યક્રમોની સફળ અમલીકરણ અંગે મહત્વપૂર્ણ સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, લોકસભા ઈન્ચાર્જ કાંતિભાઈ સતાસીયા, જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, લાઠી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા અને ધારી વિધાનસભાના



સંનિષ્ઠ પદાધિકારીઓ, જિલ્લા–તાલુકા–શહેરના પદાધિકારીઓ અને કાર્યકરોની ટીમો ઉપસ્થિત રહી હતી. જેમાં SIR પ્રોસેસમાં સામાન્ય નાગરિકોને મદદરૂપ થવા માટે સંગઠનની જવાબદારી વધુ મજબૂત બનાવવાની યોજના, BLA ૧ અને BLA ૨ ની જવાબદારીઓ સ્પષ્ટ કરીને BLO સાથે સીધો સંવાદ અને ચૂંટણી પંચ સાથે સંકલન મજબૂત કરવાનો સંકલ્પ, સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીને કેન્દ્રમાં રાખીને દરેક બુથ સ્તર સુધી તૈયારી શરૂ કરવાનો નિર્ણય, બુથ લેવલ સુધી સક્રિય અને મજબૂત સંગઠન ઊભું કરવા માટે દરેક પદાધિકારીને વિશિષ્ટ જવાબદારીઓ સોંપવી, ૭ ડિસેમ્બરે આયોજિત કિસાન મહાપંચાયતને ભવ્ય સફળ બનાવવા માટે ગ્રામિણ સ્તરે વ્યાપક સંકલન અને જનજાગૃતિ અભિયાન ચલાવવાની વ્યૂહરચના અંગે ચર્ચા-વિચારણા થઈ હતી. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયાએ જણાવ્યું કે, "આમ આદમી પાર્ટીનું શક્તિ કેન્દ્ર કાર્યકર્તાઓ છે, અને જનતાની સમસ્યાઓને હૃદયથી સમજીને તેમના હક્ક માટે લડવાનું અમારું ધ્યેય છે. દરેક ગામ, દરેક બૂથ પર સંગઠન સક્રિય રહેશે તો રાજકીય પરિવર્તન અટકાવી શકાય એવું નથી." બેઠકના અંતે દરેક વિધાનસભાએ પોતાના વિસ્તાર માટે આયોજન રજૂ કર્યું અને આવનારા દિવસોમાં જિલ્લા સ્તરે વિશાળ સંગઠન અભિયાન ચલાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# રાજકોટ જેલમાંથી પેરોલ પર છુટેલા રેપ-હત્યાના ફરાર કેદીને નાગેશ્રી પોલીસે પકડ્યો

અમરેલી, તા.૩૦

રાજકોટની મધ્યસ્થ જેલમાંથી વચગાળાની પેરોલ રજા ઉપર છૂટી રેપ અને હત્યાનો ફરાર થયેલ પાકા કામના કેદીને નાગેશ્રી પોલીસે ઝડપી લીધો હતો. મૂળ જાફરાબાદના ભાડા ગામના રહેવાસી લખમણ ઉર્ફે લખા હમીરભાઈ વાઘેલાને રેપ વિથ મર્ડરના ગુનામાં જેલ સજા થતાં તેને રાજકોટની મધ્યસ્થ



જેલમાં મોકલવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે આ કેદીની વચગાળાની પેરોલ મંજૂર થતાં તે રજા ભોગવ્યા બાદ જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હતો. જે અન્વયે નાગેશ્રી પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેકટર પી. બી.ચાવડાની રાહબરી હેઠળની ટીમે આ ફરાર કેદીને બાતમી અને ટેકનીકલ સોર્સથી પકડી પાડીને રાજકોટ મધ્યસ્થ જેલના હવાલે કરવા તજવીજ કરવામાં આવેલ છે.

# ધારી વન વિભાગ દ્વારા વન્યપ્રાણીઓના હુમલા અટકાવવા ગરમલી ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ધારી, તા.૩૦

ધારી વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓથી થતા હુમલા અટકાવવા અને લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારી તાલુકાના ગીરની નજીક આવેલા ગરમલી ગામ ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફિસર જ્યોતિબેન વાંઝાની આગેવાની હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વન્ય પ્રાણીઓના હુમલા અટકાવવા માટે લોકોએ કઈ


તસવીર : સંજય વાળા

તકેદારી રાખવી જોઈએ, તે અંગે વન વિભાગના અધિકારી દ્વારા ગ્રામજનોને વિશેષ સમજણ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ચર્ચા કરવામાં આવી હતી કે હાલના સમયમાં વન્ય પ્રાણીઓના હુમલાના બનાવો વધી રહ્યા છે, ત્યારે લોકોએ ખાસ સાવચેતી અને તકેદારી રાખવી અત્યંત જરૂરી છે. આ વિષય પર અધિકારીઓ અને ગ્રામજનો વચ્ચે વિશેષ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

# સાવરકુંડલા-અમરેલી રોડ પર કન્ટેનર પલટી જતાં નેશનલ હાઈવે રોડ બ્લોક થયો

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા-અમરેલી રોડ પર આજે સવારે ૭:૩૦ કલાકે રાજકોટ તરફથી લોખંડ ભરીને આવતો મહાકાલ કન્ટેનર ટ્રક પલટી જતા નેશનલ હાઈવે રોડ બ્લોક થયો હતો. આથી સાવરકુંડલાની ૧૧૨ પોલીસ ટીમે તાત્કાલિક પહોંચીને રોડ ને ખુલ્લો કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ રોડ બ્લોક થતા બંને સાઈડ બે કિલોમીટર જેટલી


તસવીર : સૌરભ દોશી

વાહનોની લાંબી લાઈનો થઈ હતી. સાવરકુંડલા ૧૧૨ અને રૂરલ ટીમે ઘટના સ્થળે પહોંચી ટુ વ્હીલ અને ફોરવીલ ચાલી શકે તેવી વ્યવસ્થા કરી હતી. ખાનગી બસો, કન્ટેનર ટ્રકો, એસટી બસો અને આ લગ્નસરાની સિઝન હોવાથી વરરાજાની ગાડીઓ પણ આ બ્લોકનો ભોગ બની હતી. પોલીસે ટ્રક ડ્રાઈવરની પ્રાથમિક પૂછપરછ કરતા સ્ટીયરીંગ લોક થઈ ગયું હોવાની વાત સામે આવી છે. પોલીસ દ્વારા ક્રેન બોલાવીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.









# ISRO-GUJCOSTના 'સ્પેસ સાયન્સ અવેરનેસ પ્રોગ્રામ'માં ગજેરા કેમ્પસના બે વિદ્યાર્થીઓની પસંદગી

અમરેલી,તા.૩૦

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ ફરી એકવાર વિજ્ઞાન ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. **Space Applications Centre (SAC)–ISRO**, અમદાવાદ અને **GUJCOST**, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ થી ૨૩ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન આયોજિત '**GujSAC–BHAVIKA** – સ્પેસ સાયન્સ અવેરનેસ પ્રોગ્રામ'માં અમરેલી જિલ્લામાંથી કુલ ૩ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી, જેમાંથી ૨ વિદ્યાર્થીઓ ગજેરા સંકુલના છે. આ પ્રોગ્રામ માટે પસંદગી પામેલા બે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાં ગુણા આયુષ (ચંપાબેન વસંતભાઈ ગુજરાતી માધ્યમ, ધોરણ ૯) અને ભૂકન અનિરુદ્ધ (જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ) નો સમાવેશ થાય છે. આ પ્રસંગે પ્રમુખ વસંતભાઈ ગજેરાએ બંને બાળ-વૈજ્ઞાનિકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ ક્ષણે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, એમ.કે. સાવલિયા, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, પ્રિન્સિપાલો તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



# સાવરકુંડલા-મહુવા રોડ પરના ડાયવર્ઝન પર ડામર પાથરવા અને જોખમી 'કડ' હટાવવા ખેડૂત આગેવાનની માંગ

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા થી મહુવા રોડ પર હાલ ચાલી રહેલા નવનિર્માણ કાર્ય દરમિયાન ડાયવર્ઝન અને રોડ પરના જોખમી 'કડા' (ખાડા) ના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. આ અંગે ખેડૂત આગેવાન ચેતન માલાણીએ ડાયવર્ઝન પર ડામર પાથરવા અને રોડના કડ હટાવવા માટે તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે. આ અંગે ચેતન માલાણીએ જણાવ્યું હતું કે, સાવરકુંડલાના બાઢડા ગામથી મહુવા સુધી ચાલતા રોડના કામમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી છે. નિયમોનું પાલન કર્યા વગર ડાયવર્ઝન બનાવવામાં આવ્યા છે, પરંતુ તેના પર ડામર પાથરવામાં આવ્યો નથી. પરિણામે રોજિંદા વાહનચાલકો અને ખાસ કરીને ખેડૂતોના માલવહક વાહનોને ભારે નુકસાન વેઠવું પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, નાળા અને કલ્વર્ટ પાસે ૬ થી ૯ ઈંચ સુધીના ઊંડી કડ પડેલી છે. જેના કારણે વાહનોના ટાયર, એક્સલ તથા અન્ય પાર્ટ્સ તૂટી જાય છે. રાત્રિના સમયે અંધકારમાં આ જોખમો વધુ ગંભીર બને છે અને અકસ્માતની શક્યતાઓ વધી જાય છે. ચેતન માલાણીએ તંત્રને ટકોર કરતા કહ્યું હતું કે, પ્રજાના ટેક્સથી બનતા આ માર્ગો જો યોગ્ય રીતે ન સુધારાય તો વિકાસ યોજનાઓ સુવિધાને બદલે મુશ્કેલી બની જાય છે. તેમણે સંબંધિત વિભાગને તાત્કાલિક ડાયવર્ઝન પર ડામર પાથરવા અને જોખમી કડ દૂર કરી રસ્તો સમતલ કરવા માંગ કરી છે.



# લીલીયા મોટાના 'ભાભા માર્કેટ યાર્ડ' ખાતે સી.સી. આઈ. દ્વારા ટેકાના ભાવે કપાસ ખરીદીનો શુભારંભ

લીલીયા, તા.૩૦

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ "ભાભા માર્કેટ યાર્ડ" લીલીયા મોટા ખાતે સી.સી.આઈ. દ્વારા ટેકાના ભાવથી કપાસની ખરીદીનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો છે. આ અંગે ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેઓ પોતાનો સ્લોટ બુકિંગ કરીને સી.સી.આઈ. ના ધારાધોરણ મુજબનો કપાસ સલડી મુકામે આવેલ રામકૃષ્ણ કોટન ઈન્ડસ્ટ્રીઝ (કપાસ ખરીદી કેન્દ્ર) ખાતે આપી શકશે. જે ખેડૂતોનો કપાસ સી.સી.આઈ. ના ધારાધોરણ મુજબનો હોય અને રજિસ્ટ્રેશન બાકી હોય, તો પણ તેઓ કપાસ ખરીદી કેન્દ્રનો સંપર્ક કરીને ટેકાના ભાવે કપાસ વેચી શકશે. કપાસ મૌસમ વર્ષ ૨૦૨૫-૨૬ માં ટેકાના ભાવ (**MSP**) યોજના હેઠળ વેચાણ માટે 'કપાસ કિસાન' એપ્લિકેશનના માધ્યમથી આધાર આધારિત સેલ્ફ રજિસ્ટ્રેશન કરવાની સુવિધા તા. ૩૧મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ખુલ્લી રહેશે.



# સા.કુંડલાના મેકડામાં સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

અમરેલી,તા.૨૯

સાવરકુંડલા તાલુકાના મેકડા ગામે ગઢડા તાબાના નવનિર્મિત સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૬-૧૧-૨૦૨૫ દરમિયાન ભવ્ય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આસ્થા અને ઉમંગથી ઉજવાયો હતો. આચાર્ય અજેન્દ્રપ્રસાદ તથા ભાવિ આચાર્ય લાલજીમહારાજના આશીર્વાદથી યોજાયેલા ત્રણ દિવસના કાર્યક્રમમાં રુદ્રી વાંચન, યજ્ઞ, નગરયાત્રા, ધર્મકુળનું આગમન અને સત્સંગ સભા જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. છેલ્લા દિવસે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો.



# સાવરકુંડલામાં સ્વ. કવિ રમેશ પારેખના જન્મદિવસ નિમિત્તે શબ્દાંજલી કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં જે.વી. મોદી હાઈસ્કૂલમાં સ્વ. કવિ રમેશ પારેખના જન્મદિવસ નિમિત્તે ગુરુવારે શબ્દાંજલી કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે કવિની જીવન ઝરમર અને સાહિત્ય સર્જન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યાર પછી વિદ્યાર્થી ગૌતમ ડાભીએ ર.પા.ની કવિતા 'હરિ પર અમથું અમથું હેત.....' નું ભાવવાહી પઠન કર્યું. વિદ્યાર્થી ઉત્સવ ગોહિલે કવિશ્રીની પ્રખ્યાત ગઝલ 'આંખોમાં આવી રીતે દ્રશ્ય ન મોકલાવ તું...'નુ સહજ સુમધુર અવાજમાં પઠન કર્યું. વિદ્યાર્થી સુજલ બગડા એ કવિ નું પેન્સિલથી ચિત્ર સર્જન કર્યું હતું જે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. સાથોસાથ 'જનનીની જોડ સખી નહી જડે રે લોલ....'ગીતના રચયિતા કવિ બોટાદકરનો પણ જન્મદિવસ હોય તેમનુ આ તકે સ્મરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના શિક્ષિકા અલ્પાબેન રાવલે કર્યું હતું. કાર્યક્રમના આયોજન બદલ પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ ખુશી વ્યક્ત કરી હતી.



# બાબરાના કોટડાપીઠા ગામેથી બાઈકની ઉઠાંતરી

બાબરા, તા.૩૦

**જસદણના ઈશ્વરીયા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

બાબરાના કોટડાપીઠા ગામેથી બાઈકની ઉઠાંતરી થઈ હતી. જસદણના ઈશ્વરીયા ગામના યુવકે ફરિયાદ નોંધાવી હતી. જાહીલભાઈ જીતેન્દ્રભાઈ ખુંટ (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ચોર ઈસમ તેમની મોટર સાયકલ કોટડાપીઠા ગામેથી ચોરીને લઈ ગયો હતો. જેની કિંમત ૮૦,૮૪૨ જાહેર થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે રૂ. ૨.૩૫ કરોડના સુવિધા પથના ખાતમુહૂર્ત

બાબરા, તા.૩૦

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપવામાં આવે તે હેતુસર આજે તાલુકાના વિવિધ ગામોમાં કુલ રૂ. ૨.૩૫ કરોડના ખર્ચે સુવિધાપથોના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા. આ તમામ વિકાસ કાર્યોનો પ્રારંભ બાબરા-લાઠી વિધાનસભાના ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા થયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાપથો બનતા પરિવહન વ્યવસ્થા સરળ બનશે, ખેતીકામ માટેનાં વાહનોની અવરજવર સુધરશે, તેમજ વિદ્યાર્થી, કામદારો અને ગૃહિણીઓ જેવા સામાન્ય નાગરિકો માટે રોજિંદી મુસાફરી વધુ સુવિધાજનક બનશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, નિતીનભાઈ રાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ રામાણી, તાલુકા ભાજપ પ્રમુખ હિતેષભાઈ કલકાણી, મહામંત્રી, તાલુકા પંચાયતના સભ્યો, મહેશભાઈ ભાયાણી તથા ગ્રામજનો તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ધારાસભ્ય જનક તળાવીયાએ દરેક ગામમાં નાગરિકોની સમસ્યાઓ સાંભળી અને માર્ગ સુવિધા ઉપરાંત પાણી, વીજળી, સ્વચ્છતા, ખેડૂત કલ્યાણ, શિક્ષણ અને આરોગ્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં વધુ કાર્યો ઝડપથી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.



**વિવિધ ગામોમાં શરૂ થયેલા સુવિધાપથોની વિગતો**

રાયપર ગામ – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ
અમરવાલપુર ગામ – રૂ. ૨૫ લાખના ખર્ચે સુવિધાપથ
ગમા પીપળીયા ગામ – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપાથ
થોરખાણ ગામ – રૂ. ૫૦ લાખના ખર્ચે સુવિધાપથ
વાવડી ગામ – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ
ત્રંબોડા ગામ – રૂ. ૪૦ લાખના ખર્ચે સુવિધાપથ



BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

કેશુભાઈ મોહનભાઈ કાલેણા (ઉ. વ.૫૪)નું તા.૨૯/૧૧/૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે તે ભગવાનભાઈ કાલેણા, લખમણભાઈ કાલેણા, પરસોત્તમભાઈ કાલેણાના ભાઈના ભાઈ થાય છે. સદગતનું બેસણું તા. ૧/૧૨/૨૫ને સોમવારના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન શિવાજી નગર શેરી નંબર ૬ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**ચલાલા**

ચલાલા નિવાસી સમજુ બેન ભીમજીભાઇ સોડીંગલા ઉં.વર્ષ ૧૦૩નું અવસાન તા.૧૯-૧૧ શનિવાર ના થયેલ છે. તે ધીરુભાઈ ભીમજીભાઇ સોડીંગલા(પ્રમુખ ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ) તેમજ પ્રાગજીભાઈ, પરસોત્તમભાઈ, બાબુભાઈ અને ભાઈલાલભાઈના માતૃશ્રી થાય છે. સદગતનું બેસણું તા.૧-૧૨ સોમવાર સાંજના ૪થી૬ શ્યામ વાડી જૂની નગરપાલિકા પાસે ચલાલા રાખેલ છે.

## નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર મહમદ જાવિદ હુસેનભાઈ દિવેલિયા જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ દિવેલીઆ મોહમદ જાવિદ હુસૈન બદલાવીને મહમદ જાવિદ હુસેનભાઈ દિવેલિયા રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ મહમદ જાવિદ હુસેનભાઈ દિવેલિયા તરીકે ઓળખાઈશ
સહી : મહમદ જાવિદ હુસેનભાઈ દિવેલિયા
સરનામું : તુર્કી મોહલ્લા, લાઈટ હાઉસ રોડ, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦

## નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર નરપાલી યાસીનભાઈ ફતુભાઈ જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ નરપાલી યાસીન ફતુભાઈ બદલાવીને નરપાલી યાસીનભાઈ ફતુભાઈ રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ નરપાલી યાસીનભાઈ ફતુભાઈ તરીકે ઓળખાઈશ
સહી : નરપાલી યાસીનભાઈ ફતુભાઈ
સરનામું : તુર્કી મોહલ્લા, લાતી સામેનો વિસ્તાર, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦

## નામ બદલાવેલ છે

આથી અમો નીચે સહી કરનાર સૈયદ ગનીભાઈ પીરમહમદભાઈ જાહેર કરૂ છુ કે મેં મારૂ નામ સેયદ ગની પીર મોહમદ બદલાવીને સૈયદ ગનીભાઈ પીરમહમદભાઈ રાખેલ છે અને હવે પછી હું મારૂ નામ સૈયદ ગનીભાઈ પીરમહમદભાઈ તરીકે ઓળખાઈશ
સહી : સૈયદ ગનીભાઈ પીરમહમદભાઈ
સરનામું : તુર્કી મોહલ્લા, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ-જી.અમરેલી, પીન ૩૬૫૫૪૦


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૮/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. નાકરાણી ડાયાભાઈ નાનજીભાઈ
રહે. શ્રીજી નિવાસ લીલીયા રોડ, દ્વારકેશ નગર ૨ અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બોરાળા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની ભત્રીજી વિજયાબેન માધાભાઈ નાકરાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫ ના રોજ મુ.બોરાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## -//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી - ખાંભા//-

બ.ડે. રજી.કેસ નં.૨૨/૨૫ નં.એમ એજી/વશી/૨૯૦/૧/૨૦૨૫
તા. ૨૬/૧૧/૨૦૨૫

અરજદાર :- શ્રી વિષ્ણુનાથ અરજણભાઈ ધાંધલ
રહે.ભગવતીપરા, ખાંભા, તા.ખાંભા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
-વ-
તલાટી કમ મંત્રી શ્રી, ખાંભા, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, **શ્રી વિષ્ણુનાથ અરજણભાઈ ધાંધલ રહે.ભગવતીપરા, ખાંભા, તા.ખાંભા જી.અમરેલી વાળાએ** તેમના પુત્ર **શ્રી શંકરનાથ વિષ્ણુનાથ ધાંધલનો જન્મ તા. ૧૫/૦૩/૨૦૦૨** નાં રોજ ખાંભા તાલુકાનાં ખાંભા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના અરજદારશ્રીને જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સદરહુ મુદત તા.૦૫/૧૨/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટસાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.191/2025

પ્રતિ,
શ્રી નાથાભાઈ સામતભાઈ ચાવડા,
રહે. જમનવાડા, ગામ-જમનવાડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી ડી.આર.ડોડીયા તથા વી.વી.રાવળ કોડીનાર .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત જમનવાડા, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના જમનવાડા ગામના રહીશ સામતભાઈ નથુભાઈ ચાવડા તથા લખમીબેન સામતભાઈ ચાવડાના પુત્ર નાથાભાઈ સામતભાઈ ચાવડાનો જન્મ તારીખ **01/06/1964** ના રોજ કોડીનાર તાલુકાના જમનવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત જમનવાડા, તાલુકો કોડીનાર સને.**1964** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# બાબરાના ખાનપર ગામે આધુનિક પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા, તા.૩૦



બાબરા તાલુકાના ખાનપર ગામે ગ્રામ્ય વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો છે. નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. ખાનપર ગામમાં વર્ષોથી સુવિધાસભર અને આધુનિક પંચાયત ભવનની જરૂરિયાત હતી. આ નવું ભવન બનવાથી ગ્રામ પંચાયતની કામગીરી વધુ કાર્યક્ષમ બનશે તેમજ લોકોને સરકારી યોજનાઓ અને સેવાઓ મેળવવામાં પારદર્શિતા અને સરળતા રહેશે. આ ઉપરાંત, ગામના વિકાસ સંબંધિત બેઠકો અને આયોજન માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે અને ગ્રામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત તમામ કામગીરી એક જ છત નીચે મળી રહેશે.

આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખાતરી આપી હતી કે આગામી દિવસોમાં ખાનપર ગામ માટે અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, ગામના સરપંચ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને આ વિકાસ કાર્યને હર્ષભેર વધાવી લીધું હતું.

# ખાંભા પંથકમાં મહિલાની છેડતી કરી યુવકે શારીરિક સબંધ બાંધવા દબાણ કર્યું

**બનાવના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર**

ખાંભા, તા.૩૦

ખાંભામાં એક મહિલા સરકારી કર્મચારીની છેડતી કરવાનો કિસ્સો સામે આવ્યો છે, જેમાં આરોપીએ મહિલાને જાતીય સંબંધ બાંધવાની માગણી કરી હેરાન કરી હતી. આ ઘટના બે અલગ-અલગ સ્થળે અને બે જુદા જુદા સમયે બની હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી મહિલા ખાંભા સરકારી દવાખાનામાં નોકરી કરે છે અને પીપળવા ખાતે રહે છે. આશરે પંદરેક દિવસ પહેલાં, મહિલા પોતાની નોકરી પૂરી કરીને ખાંભાથી પીપળવા પોતાના ઘરે જઈ રહી હતી. તે સમયે આરોપી સંજયભાઈ નગવાડીયાએ ખાંભા-પીપળવા વચ્ચે આવેલ રાંદલ માતાના મંદિર પાસે મહિલાને પોતાની મોટર સાયકલમાં બેસાડી હતી. આ દરમિયાન, આરોપીએ મહિલા પાસે શારીરિક સંબંધ બાંધવા માટે જાતીય માંગણી કરી હતી અને તેની છેડતી કરીને મિત્રતા કરવા માટે દબાણ કર્યું હતું. આટલું જ નહીં, ફરિયાદી મહિલા ખાંભા સરકારી હોસ્પિટલ ખાતે હાજર હતી, ત્યારે આરોપી ફરીથી ત્યાં આવ્યો હતો અને ફરીવાર મિત્રતા કરવા કહીને મહિલાની છેડતી કરી હતી. આ ઘટના અંગે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સરકારી કર્મચારીની સુરક્ષિત જગ્યાએ અને મંદિર પાસે છેડતીના આ બનાવથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા પંચાયતમાં દર માસે બે વાર 'ખેડૂત અમૃત બજાર' યોજાશે

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા "ખેડૂત અમૃત બજાર" ની સ્થાપના કરવામાં આવી છે. જિલ્લાપંચાયત અમરેલીના પરિસરમાં દર મહિનાની ૧ અને ૧૫મી તારીખે આ બજાર નિયમિત ભરાશે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ–અમરેલીના આયોજન હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાના તાજા, આરોગ્યપ્રદ અને ઝેરમુક્ત અનાજ, શાકભાજી, ફળો તથા અન્ય કૃષિ ઉત્પાદનો સીધા ગ્રાહકોને વેચશે. આ પહેલથી ખેડૂતોને સીધો લાભ મળશે અને નાગરિકોને સ્વસ્થ, શુદ્ધ અને પૌષ્ટિક ખાદ્ય પદાર્થો સરળતાથી પ્રાપ્ત થશે. અમરેલીવાસીઓને આ પ્રાકૃતિક સ્ટોલ ખાતે આવીને સ્વસ્થ જીવન તરફ પગલું ભરવા અને પ્રાકૃતિક ખેતીને મજબૂત બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજુલામાં કડક કાર્યવાહી: જાહેરનામાનો ભંગ કરનારા ૨૫ વાહનોને દંડ

રાજુલા, તા.૩૦



તસવીર : ગોપાલ રાઠોડ

અમરેલી કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાના કડક અમલ માટે રાજુલા પોલીસ દ્વારા આજે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ભારે વાહનોના શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં નિયમ ભંગ થતો હોવાની ફરિયાદ બાદ પોલીસ તંત્ર સક્રિય બન્યું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એમ.એફ. ચૌહાણ, પી.એસ.આઈ. એસ. બી. જાની, ટ્રાફિક ઈન્ચાર્જ વી.બી. સોલંકી અને ટ્રાફિક બ્રિગેડની ટીમે શહેરમાં અચાનક ચેકિંગ હાથ ધર્યું હતું. આ કામગીરી દરમિયાન નિયમનું ઉલ્લંઘન કરનારા ૨૫ વાહનોની એન.સી. પાવતીઓ ફાડીને કુલ રૂ.૮,૦૦૦ નો દંડ વસુલવામાં આવ્યો હતો. પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવના બે ગુના નોંધ્યા હતા. કલેક્ટરના ભારે વાહન પ્રતિબંધ સંબંધિત જાહેરનામાનો ભંગ કરનારા બે વ્યક્તિઓ વિરુદ્ધ પણ બે ગુના દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજુલા પોલીસ દ્વારા આગામી દિવસોમાં પણ આ પ્રકારની કાર્યવાહી વધુ કડક હાથે ચાલુ રાખવામાં આવશે. શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા અને અકસ્માત ઘટાડવા માટે પોલીસ તંત્ર દ્વારા હવે શહેરમાં પ્રવેશતી એસ.ટી. બસોને પણ બાયપાસ માર્ગે ચલાવવાની યોજના પર વિચારણા ચાલી રહી છે.

# દામનગરમાં બાવળની કાંટાની વાડ બનાવવા મુદ્દે મહિલાઓમાં માથાકૂટ થઈ

દામનગર, તા. ૩૦

દામનગરમાં બાવળની કાંટાની વાડ બનાવવા મુદ્દે મહિલાઓમાં માથાકૂટ થઈ હતી. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે મંજુલાબેન રામજીભાઈ સોસા (ઉ.વ.૫૨)એ જયશ્રીબેન પરમાર તથા અસ્મિતાબેન પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા સાહેદ બાવળના કાંટાની વાડ બનાવતા હતા. જેથી સાહેદ રામજીભાઈ બાવળના કાંટાની ડાળીઓ જાહેર બજારમા ઢસડીને લઈ આવતા બાવળના કાંટાઓ આરોપીઓના ઘર સામે બજારમાં વેરાયા હોવાથી આરોપીને સારૂં નહીં લાગતા ખરાબ ગાળો આપી હતી.લોખંડની પાઈપનો ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં અમેરિકા ટૂરના નામે ઠગાઈ: રૂ.૨.૨૪ લાખ પરત ન આપી છેતરપિંડી આચરી

અમરેલી, તા.૩૦

**અમરેલી સિટી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

અમરેલી શહેરમાં એક વિચિત્ર છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક મહિલાને આરોપીએ અમેરિકાની ટૂર પર લઈ જવાનો વિશ્વાસ આપીને મોટી રકમ પડાવી લીધી હોવાનો આક્ષેપ છે. આ અંગે આશાબેન જયંતીલાલ દવે (ઉ.વ.૬૫ ) એ કૌશીકભાઈ ભગવાનભાઈ મિસ્ત્રી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમની પાસેથી અમેરિકા ટૂરના બહાને પૈસા લીધા હતા. જોકે, કોઈ કારણોસર આ ટૂર રદ થઈ ગઈ હતી. ટૂર કેન્સલ થયા બાદ આરોપીએ ફરિયાદીના બાકી રહેતા રૂ. ૨,૨૪,૦૦૦ પરત કર્યા નહોતા. તેમણે આ મામલે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આરોપીને પકડી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે બી ત્રિવેદી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ધંધાકીય હરીફાઈમાં વેપારીને જાનથી મારી નાખવાની ધમકી

રાજુલા, તા.૩૦

રાજુલા શહેરમાં ધંધાકીય હરીફાઈના કારણે એક વેપારીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી મળ્યાની ઘટના સામે આવી હતી. બનાવ અંગે આરીફભાઈ સલીમભાઈ સેલોત (ઉ.વ.૩૦)એ અરમાનભાઈ અયુબભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આશરે છ મહિના પહેલાં આરોપીની રૂહાની ચિકન હોટેલની નીચેના ભાગે પોતાની 'જાયકા' નામની આમલેટની દુકાન શરૂ કરી હતી. તેમની આમલેટની દુકાન ચાલુ થતાં આરોપીને આ વાત પસંદ નહોતી. જેના કારણે આરોપીએ જાહેરમાં આવીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ધમકી અને અપશબ્દોની ઘટના બાદ ફરિયાદીએ આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાને પગલે રાજુલાના વેપારી વર્તુળોમાં ચર્ચા જાગી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં ચાંવડ રોડ પર ગમખ્વાર અકસ્માતમાં એકનું કરૂણ મોત

લાઠી, તા.૩૦

અમરેલી જિલ્લાના લાઠી નજીક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં એક એક્ટિવા ચાલકનું કરૂણ મોત નિપજ્યું હતું. કાર ચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી અકસ્માત સર્જ્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ઉપેન્દ્રસિંહ બહાદુરસિંહ રાયજાદા (ઉ.વ.૫૩) એ ફોરવ્હીલ રજી.નં.GJ-૧૪-BD-૯૦૬૩ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના નાના ભાઈ પ્રવિણસિંહ બહાદુરસિંહ રાયજાદા (ઉં.વ. ૫૦) પોતાનું એક્ટિવા મોટર સાયકલ (નં. GJ-૧૪-AF-૬૦૭૯) લઈને ચાંવડ તરફથી લાઠી તરફ આવી રહ્યા હતા. ચાંવડથી આશરે બે કિલોમીટર દૂર લાઠી તરફ પહોંચતા, સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી ફોરવ્હીલના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી અને માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવ્યું હતું. ફોરવ્હીલ ચાલકે એક્ટિવા સાથે જોરદાર ટક્કર મારતાં પ્રવિણસિંહ રાયજાદાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું મોત નિપજ્યું હતું. પોલીસે ફોરવ્હીલ ચાલક વિરુદ્ધ પુરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી અકસ્માત સર્જી મોત નિપજાવવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે કે પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા. ૦૧-૧૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૭:૦૩,
સૂર્યાસ્ત-૦૫:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

તા.૦૧-૧૨-૨૦૨૫ સોમવાર

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

કર્ક: આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઇચ્છિત સુખ અને ટેકો મળશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

# ખડસલી લોકશાળામાં 'સરસ્વતી સાધના યોજના' અંતર્ગત ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ



અમરેલી, તા.૩૦

કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત લોકશાળા ખડસલી ખાતે સરકારની 'સરસ્વતી સાધના યોજના' હેઠળ સાયકલ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતી ધોરણ ૯ ની બહેનોને હરેશ પંડ્યા, નાનજી મકવાણા અને શીતલબેનના હસ્તે સાયકલ વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજુલાના કોવાયાનો 'માથાના દુખાવા' રૂપ ૬ કિમીનો રસ્તો રૂ. ૨૦ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળો બનશે

રાજુલા, તા.૩૦



રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક આવેલો ૬ કિલોમીટરનો જર્જરિત માર્ગ છેલ્લા ઘણા સમયથી હજારો વાહન ચાલકો અને સ્થાનિકો માટે મોટી સમસ્યા બની રહ્યો હતો. જોકે, હવે આ માર્ગને માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂપિયા ૨૦ કરોડના ખર્ચે નવેસરથી બનાવવાની મંજૂરી મળતાં આજે તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કોવાયા મુકામે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનો પ્લાન્ટ આવેલો છે. આ માર્ગ પરથી કંપનીના નાના-મોટા ભારે વાહનો, કર્મચારીઓનો સ્ટાફ અને આસપાસના ૧૦ જેટલા ગામડાંનો ટ્રાફિક મળીને કાયમી ૧૦૦૦ કરતાં વધારે વાહનોની અવરજવર રહે છે. આ રસ્તો અગાઉ કંપની હસ્તગત હતો, પરંતુ તે લાંબા સમયથી ખરાબ હાલતમાં હતો. બાદમાં સરકારે આ માર્ગ હસ્તગત લીધો હતો, પરંતુ તેની મરામત થતી નહોતી. આ માર્ગની ખરાબ હાલત અંગે અખબારી અહેવાલો અને સ્થાનિકોની રજૂઆતો બાદ, રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ આ માર્ગને માર્ગ અને મકાન વિભાગમાં સોંપી દેવા માટે સખત રજૂઆત કરી હતી. ધારાસભ્યની આ રજૂઆતને સફળતા મળતાં કોવાયાથી લોઠપુર (વાંકાબાવળ) સુધીના ૬ કિલોમીટરના માર્ગ માટે રૂ.૨૦ કરોડ મંજૂર થયા હતા. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં આ માર્ગનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાંથી અડધો ડઝન શરાબી ઝડપાયા

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે અડધો ડઝન શરાબીને ઝડપી પાડ્યા હતા. પોલીસે દેવગામથી બે, ખાંભા, દામનગર, વાવેરા, ખડકાળા ગામેથી એક-એક મળી છ શખ્સોને ઝડપ્યા હતા. સરભંડા ગામેથી એક લીટર તથા નારાયણનગર ગામેથી ચાર લીટર મળી કુલ પાંચ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# પીપાવાવ પોર્ટ દ્વારા એલપીજી જેટી માટે ડ્રેજિંગથી શિયાળબેટ ગામ અને માછીમારોને નુકસાનની ફરિયાદ

અમરેલી, તા.૩૦



તસવીર : બાબુભાઈ વાઢેળ

અમરેલી જિલ્લાના અરબી સમુદ્રની વચ્ચે જાફરાબાદ તાલુકાનું શિયાળબેટ ગામમાં ૧૫ હજારથી વધુ વસ્તી છે. અહીં આ ગામમાં જવા માટે માત્ર દરિયાઈ માર્ગ જ છે અને બોટમાં બેસીને ગામમાં પ્રવેશ મેળવી શકાય છે. શિયાળબેટ ગામના લોકો માછીમારી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. પીપાવાવ પોર્ટ દ્વારા LPG જેટી બનાવવા ડ્રેજિંગની કામગીરી શરૂ થઈ છે, જેના કારણે ગામ અને માછીમારોને નુકસાનની સ્થિતિ સર્જાઈ છે. આ કામગીરી દરમિયાન માછીમારોના બીયા કંપની દ્વારા કાઢી નાખવાનું કહેતા માછીમારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જો અહીં માછીમારો તે કાઢી નાખે તો તેમની રોજગારી છીનવાઈ જાય તેમ છે. પોર્ટ દ્વારા ડ્રેજિંગની કામગીરી નિયમ અનુસાર નહીં થતી હોવાનો પણ ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો. ગ્રામજનોને ડ્રેજિંગની કામગીરીની જાણ પણ કરવામાં આવી ન હતી અને પોર્ટ દ્વારા મનમાની મુજબ કામગીરી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. આ બાબતે ગામના સરપંચ મંજુબેન બાળધિયા, યુવા આગેવાન જીવરાજભાઈ ગુજરીયા સહિતના મોટી સંખ્યામાં ગ્રામજનો રાજુલા પ્રાંત કચેરી ખાતે ગયા હતાં. પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. જેમાં જણાવેલ જેટી બનવાથી દરિયાનું સ્તર ઊંચું આવશે અને ગામ ભવિષ્યમાં ડૂબી જશે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છે. ડ્રેજિંગની કામગીરી ખુબ જ ઊંડાણપૂર્વક કરવામાં આવી રહી છે જેના કારણે દરિયાના પેટાળમાં રહેલા પથ્થરો તોડીને ચેનલ બનાવવા આવી રહેલ હોય આ પથ્થરો કાઢી નાખવાથી શિયાળબેટ ગામ ટાપુ છે તેના પાયા પર ખુબજ મોટી અસર થાય તેમ છે.

ડ્રેજિંગના કારણે ગામ વિસ્તારને પીવાના પાણીના બોર ક્ષારયુક્ત થઈ જશે. ગામ લોકોનું આરોગ્ય પણ જોખમાશે. દરિયાઈ વિભાગના નિષ્ણાતોની ટીમની દેખરેખ હેઠળ આ કામગીરી કરવામાં આવે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

## તંત્રી લેખ

# ઓનલાઈન બેન્કિંગની સુરક્ષા અનિવાર્ય

આજે મોટાભાગની બેંકો કોર બેન્કિંગ બની ગઈ છે ત્યારે દરેક વ્યક્તિએ પોતાના બેન્કિંગ ખાતાની સુરક્ષા રાખવી જરૂરી બની ગઈ છે. આજના ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા એ દરેક વ્યક્તિ માટે અત્યંત જરૂરી બની છે. આપણું રોજિંદા જીવન હવે ઈન્ટરનેટ, મોબાઈલ એપ્લિકેશન્સ અને ઓનલાઈન બેંકિંગ પર નિર્ભર છે. આજે સાયબર છેતરપિંડીનું સૌથી મોટું જોખમ APK ફાઈલો દ્વારા થતું છે. APK એ એન્ડ્રોઈડ ફોન માટેની એપ્લિકેશનની ફાઈલ છે, જે સામાન્ય રીતે ગૂગલ પ્લે સ્ટોરની બહારથી ડાઉનલોડ કરવામાં આવે છે. છેતરપિંડીઓ આ ફાઈલોનો ઉપયોગ કરીને ફોનમાં જોખમી વાયરસ અને ટ્રોજન સોફ્ટવેર ઈન્સ્ટોલ કરે છે. તાજેતરમાં શોધાયેલા 'સ્ટુરસ' નામના વાયરસનું ઉદાહરણ આનો સ્પષ્ટ પુરાવો છે. આ વાયરસ APK ફાઈલ દ્વારા ફોનમાં પ્રવેશ કરે છે અને પછી એકવાર ઈન્સ્ટોલ થઈ જાય તો તે ફોનના એક્સેસિબિલિટી વિશેષતાઓ પર કબજો કરી લે છે. આનાથી તે અન્ય એપ્લિકેશનોનું નિરીક્ષણ કરી શકે છે, સ્કીન રેકોર્ડ કરી શકે છે અને નકલી બેંકિંગ એપ્લિકેશનની સ્કીન બનાવીને લોકોના લોગિન પાસવર્ડ, પીએન અને બેંકિંગ વિગતો ચોરી લે છે. ભારતમાં APK ફાઈલો સાથે સંકળાયેલા છેતરપિંડીના કેસોમાં તીવ્ર વધારો થયો છે. ૨૦૨૧ની તુલનામાં તાજેતરના ત્રણ વર્ષોમાં આવા કેસોમાં લગભગ દસ ગણો વધારો થયો છે. ખાસ કરીને વોટ્સએપ દ્વારા મોકલવામાં આવતી APK ફાઈલો, જે લગ્નના કાર્ડ, આમંત્રણપત્રો કે અન્ય તસવીરો જેવી દેખાય છે, લોકોને ગેરમાર્ગે દોરીને તેને ખોલવા મજબૂર કરે છે. આવી ફાઈલો ખોલવાથી ફોનમાં ટ્રોજન સ્થાપિત થઈ જાય છે, જેને સામાન્ય રીતે ડિલીટ કરવું અત્યંત મુશ્કેલ બને છે. આવા વધતા જતા સાયબર ફ્રોડને ધ્યાનમાં રાખીને સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવી અત્યંત જરૂરી છે, કારણ કે મોટાભાગના લોકો આ જોખમો વિશે સંપૂર્ણપણે અજાણ છે. સાયબર સુરક્ષા જાળવવા માટે સામાન્ય વ્યક્તિ ઘણા સરળ વ્યવહારો અપનાવી શકે છે, જે માટે વિશેષ તકનીકી જ્ઞાનની જરૂર નથી. સૌથી પહેલા, APK ફાઈલોને લગતી સાવધાની રાખવી જરૂરી છે. જો વોટ્સએપ કે અન્ય મેસેજિંગ એપ પર કોઈ અજાણ્યા નંબર પરથી કોઈ ફાઈલ મળે, જેનું નામ .apk વાળું હોય, તો તેને ખોલવું ન જોઈએ, ભલે તે લગ્નના કાર્ડ કે કોઈ અન્ય મહત્વપૂર્ણ દસ્તાવેજ જેવું દેખાતું હોય. આ ફાઈલો ઘણીવાર છેતરપિંડીનો એક ભાગ હોય છે. એકવાર ફોનમાં કોઈ શંકાસ્પદ એપ ઈન્સ્ટોલ થઈ જાય તો તેને દૂર કરવી મુશ્કેલ બને છે, તેથી ઈન્સ્ટોલ કરતા પહેલાં સાવધાન રહેવું જરૂરી છે. ઉપરાંત, ફોનના સેટિંગ્સમાં જઈને 'અજ્ઞાત સ્ત્રોતો' પરથી એપ્લિકેશન્સ ઈન્સ્ટોલ કરવાની સુવિધા બંધ કરવી જોઈએ, જેથી બહારની ફાઈલો આપમેળે ઈન્સ્ટોલ ન થઈ શકે. વોટ્સએપ જેવી એપ્લિકેશન્સમાં ઓટોમેટિક ડાઉનલોડ બંધ કરવું પણ એક મહત્વનું પગલું છે, કારણ કે આનાથી નિયંત્રણ વિના કોઈ ફાઈલ ડાઉનલોડ થતી નથી. બીજી બાબત તરીકે, બેંકિંગ અને નાણાકીય વ્યવહારો દરમિયાન સાવધાની રાખવી જરૂરી છે. બેંકિંગ એપ્લિકેશન્સ પર લોગિન પાસવર્ડ, પીએન અને ટ્રાન્ઝેક્શન પાસવર્ડ વારંવાર બદલવા જોઈએ. શક્ય હોય તો ફિંગરપ્રિન્ટ કે ફેશિયલ રેકગ્નિશન જેવા બાયોમેટ્રિક લોકનો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આનાથી પાસવર્ડ ચોરાઈ જવાનું જોખમ ઘટે છે. કોઈપણ બેંક કે નાણાકીય સંસ્થા તરફથી આવતા અણધાર્યા ફોન કોલ કે મેસેજ પર તેમના કહેલા એપ્લિકેશન ડાઉનલોડ કરવા કે ઓટીપી આપવો નહીં. આવા કિસ્સાઓમાં હંમેશા સત્તાવાર એપ કે વેબસાઈટ દ્વારા વિગતો ચકાસવી જોઈએ. ઉપરાંત, ફોનમાં એન્ટીવાયરસ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવું અને તેને નિયમિત અપડેટ રાખવું પણ ઉપયોગી છે. જો કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ દેખાય, જેમ કે અણધાર્યા એપ્લિકેશન્સનું આપમેળે ચાલવું કે ફોનનું વધુ પડતું ધીમું થવું, તો તરત જ નજીકના સાયબર સુરક્ષા કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ. આમ, સાયબર સુરક્ષા જાળવવી એ કોઈ જટિલ કાર્ય નથી, પરંતુ થોડી સાવધાની અને સમજદારીથી શક્ય છે.

# ઘાયલ દિલની વાતો કરતું અનોખું પ્લેટફોર્મ

આજે અનેક લોકો પ્રેમમાં નિષ્ફળ નીવડી કેમ માટે દેવદાસ બની જાય છે તો કોઈ આત્મહત્યા કરી લે છે. દિલની વાત દિલમાં રહી જાય છે ત્યારે આવુ બને છે. માનવીના અજાગૃત મનમાં એવી ઘણી લાગણીઓ દબાઈને પડેલી હોય છે જે વ્યક્ત થઈ જાય તો માનવી નવેસરથી જીવનની શરૂઆત કરી શકે છે.

દિલની વાત ક્યારેય કોઈના સમક્ષ કહેવાની હિંમત નથી થતી. પ્રેમની અધૂરી કથાઓ, તૂટેલા સંબંધોની તીખી વેદના, અફસોસ, માફી માંગવાની બેચેની, અને ગુસ્સાના એવા તોફાન જે હૃદયને અંદરથી કોરી નાખે છે. – આ તમામ લાગણીઓ મનના કોઈ અંધકારમય ખૂણામાં દબાઈને રહી જાય છે. આ દબાયેલા દુ:ખડા કોઈને કહેવાની તક મળે તે પહેલાં જ મનને ધીમે ધીમે ખતમ કરી નાખે છે. પરંતુ જો આ બધા દુ:ખ, આ બધી વેદનાઓને કોઈ એવી જગ્યાએ મુક્તપણે વ્યક્ત કરી શકાય જ્યાં કોઈ ભય ન હોય, કોઈ ચિંતા ન હોય, તો હૃદય પરનો તે ભાર હળવો થાય છે. એવી જગ્યાને જન્મ આપવા માટે જ એક અનોખું ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જેને 'ધ અનસેન્ટ પ્રોજેક્ટ' કહેવામાં આવે છે. આ પ્લેટફોર્મ એક એવી અજોડ વિશ્વવ્યાપી આર્કાઈવ બની ગયું છે, જ્યાં લોકો તેમના હૃદયમાં ધરબાયેલા એવા સંદેશા લખી શકે છે જે ક્યારેય કોઈને મોકલવાના નથી.

આ પ્રોજેક્ટની શરૂઆત એક એવા દુ:ખદ સત્યથી થઈ છે જે ઘણાના હૃદયને સ્પર્શે છે. અમેરિકન કલાકાર રોરા બ્લુએ સોશિયલ મીડિયા પર એક સરળ પરંતુ હૃદયને ભેદતો સવાલ પૂછ્યો: જો તમે તમારા પ્રથમ પ્રેમને એક સંદેશ મોકલી શકો, તો તમે શું કહેશો? આ સવાલના જવાબમાં લોકોએ હૃદયના એવા ઘા ખોલી નાખ્યા જે



દાયકાઓથી દબાયેલા હતા. ઘણા લોકોએ કહ્યું કે તેઓ ઘણી એવી વાતો કહેવા માંગતા હતા જે ક્યારેય કહી શક્યા નહોતા. કેટલાકના શબ્દોમાં તો એવી તીવ્ર વેદના હતી કે તેઓ કહેતા, "હું તે વાત કહેવા માંગતો હતો, પણ એ ડર હતો કે કદાચ તે વ્યક્તિ મારા જીવનમાંથી હંમેશા માટે દૂર થઈ જશે." આ જવાબોમાંથી રોરા બ્લુને એ સ્પષ્ટ થયું કે મનુષ્યના હૃદયમાં અનેક અનકહેલી વાતો દબાઈ પડેલી છે, જેને વ્યક્ત કરવા માટે કોઈ સુરક્ષિત આશ્રય નથી. આ વેદનાને શબ્દોમાં બાંધવા માટે તેમણે આ પ્લેટફોર્મ બનાવ્યું, જ્યાં લોકો પોતાના હૃદયની સૌથી ઊંડી, સૌથી વેદનાદાયક લાગણીઓને બિનઓળખાણ અને બિનશરતી રીતે લખી શકે.

આ પ્લેટફોર્મ પર દરેક સંદેશ એક રંગ સાથે જોડાય છે, જે તે દિલની ઊંડાઈને પ્રતિબિંબિત કરે છે. લાલ રંગમાં પ્રેમની તીવ્રતા અને તેની વેદના દેખાય છે, વાદળી રંગમાં યાદોની મીઠી રિક્તતા અને ઉદાસીનો સમુદ્ર લહેરાતો નજરે પડે છે અને કાળા રંગમાં તૂટેલા સંબંધોની ગહન અંધકારમય વેદના છુપાયેલી છે. અહીં કોઈ ઓળખની જરૂર નથી,

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કોઈ લોગિન કે સંપર્કનું બંધન નથી. માત્ર એક સંદેશ લખવાનો છે, અને તે હૃદયમાંથી નીકળતા એક રંગ સાથે મુક્ત થઈ જાય છે. આજે આ પ્લેટફોર્મ પર પચાસ લાખથી વધુ આવા સંદેશા એકત્રિત થયા છે, જે માનવ હૃદયના અનકહેલા દુ:ખની એક અપાર વિશાળતાનું પ્રતિનિધિત્વ કરે છે.

આ સંદેશોના વિશ્લેષણમાંથી એ સ્પષ્ટ થાય છે કે મોટાભાગની લાગણીઓ ડરના ઘેરા ઢાળ હેઠળ દબાઈ પડેલી છે. એ ડર કે જો આ વાત કોઈને કહી દીધી, તો સંબંધ તૂટી જશે, વ્યક્તિ હંમેશા માટે દૂર થઈ જશે, અથવા તો કોઈ જવાબ નહીં મળે. આ ડર હૃદયને એવી જકડમાં જકડી રાખે છે કે લાગણીઓને વ્યક્ત કરવાની હિંમત જ નથી થતી. પરંતુ આ પ્લેટફોર્મ પર આ ડરને તોડીને લોકો પોતાના હૃદયની દબાયેલી વેદનાઓને શબ્દોમાં વહેવા દે છે. જ્યારે આ અનકહેલા દુ:ખડા શબ્દોમાં બંધાઈને મુક્ત થાય છે, ત્યારે હૃદય પરનો તે ભાર હળવો થાય છે. મનની એ વેદના, જે સાલોથી અંદર જલતી રહી છે, લખવાની પ્રક્રિયામાં વહીને શાંત થઈ જાય છે. આ રીતે વ્યક્તિ પોતાના અંદરના ઘાને સ્વીકારીને તેની સાથે જીવવાની ક્ષમતા મેળવે છે.

આ પ્લેટફોર્મ માત્ર એક વેબસાઈટ નથી, પરંતુ તે એક એવું શરણસ્થાન છે જ્યાં હૃદયના દબાયેલા દુ:ખને વ્યક્ત કરવાની સ્વતંત્રતા મળે છે. તે લોકોને એ શીખવે છે કે દરેક લાગણી, ભલે તે ગમે તેટલી તીવ્ર અને વેદનાદાયક કેમ ન હોય, તેને શબ્દોમાં વ્યક્ત કરવી જરૂરી છે. કારણ કે જ્યારે આ દબાયેલી વેદનાઓ મુક્ત થાય છે, ત્યારે હૃદયમાં એક અજોડ શાંતિનો અનુભવ થાય છે, જે લાંબા સમયથી ખોઈ ગયેલી હોય છે.

નિષ્કર્ષમાં, 'ધ અનસેન્ટ પ્રોજેક્ટ' એ માનવ હૃદયના એવા અનકહેલા દુ:ખને એક અવાજ આપે છે જે સાલોથી દબાયેલા છે. આ પ્લેટફોર્મ એવી જગ્યા પૂરી પાડે છે જ્યાં વ્યક્તિ પોતાના હૃદયની સૌથી ઊંડી વેદનાઓને ડર્યા વિના લખી શકે છે અને તેના પરથી પોતાનો ભાર હળવો કરી શકે છે. આ પ્રયોગ એ સ્પષ્ટ સંદેશ આપે છે કે અનકહેલા દુ:ખને શબ્દોમાં વ્યક્ત કરવું એ મનની વેદનાને શાંત કરવાનું સૌથી મહત્ત્વનું માધ્યમ છે. જ્યારે હૃદયના દબાયેલા દુ:ખડા મુક્ત થાય છે, ત્યારે જીવનમાં એક નવી શાંતિ અને સ્વતંત્રતાનો અનુભવ થાય છે, જે વ્યક્તિને પોતાના અંદરના ઘા સાથે જીવવાની અને આગળ વધવાની શક્તિ આપે છે. આમાંથી અનેક લોકોને નવું જીવન મળે છે. કોઈને નવી પ્રેમિકા મળે છે અને આદુભાયેલા દિલો એક સાથે બોલી ઊઠે છે કે બહારે ફિર ભી આયેગી.

**અગણિત અધૂરી લવસ્ટોરીનો અનોખો ખજાનો એટલે લાખો દિલની એવી વાતો જે પથ્થર દિલને પણ પીગળાવી દે તેવી છે. આવું ડિજિટલ પ્લેટફોર્મ ગુજરાતી, હિન્દીમાં બને તેની તાતી જરૂર છે!!.**

# તમારી ગેરહાજરીમાં પણ જે તમારો પક્ષ લે, એ જ સાચો મિત્ર!

જ્યારે આપણે મિત્રતાની વાત કરીએ છીએ ત્યારે સામાન્ય રીતે સાથે બેસવા, વાતો કરવા કે આનંદ માણવા કે સંકટના સમયમાં સાથે ઊભા રહેવા જેવી અનેક બાબતો જીવનમાં આવે છે. પરંતુ મિત્રતાનું સાચું મૂલ્યાંકન ત્યારે થાય છે જ્યારે તમે હાજર ના હોવ છતાં કોઈ તમારી ઈજ્જત, આબરૂ અને તમારી સત્યતા અને સ્વભાવનો પક્ષ લે છે. દુનિયાની સૌથી નાજુક, નર્મ અને સૌથી મજબૂત લાગણી જો કોઈ હોય તો એ 'મિત્રતા' છે પરંતુ મિત્રતાનો સાચો ભાવ ત્યારે જ સમજાય છે, જ્યારે જીવન તમને એક એવી પરિસ્થિતિ સામે લાવે છે જ્યાં તમે હાજર ન હો, પરંતુ તમારા વિશે વાતો




ચાલતી હોય. આવી ઘડીમાં કોણ તમારા માટે ઊભું રહે છે, કોણ તમારી પ્રતિષ્ઠાનું રક્ષણ કરે છે, કોણ તમારો પક્ષ લે છે, એ જ તમારા જીવનનો સાચો મિત્ર ગણાય છે. આજના ઝડપી સમયમાં 'સાથે દેખાવું' સહેલું છે, પરંતુ 'પાછળથી કોઈનો પક્ષ લેવો' એટલે બીજા અનેક સામે અણગમો વહોરવાનો અને ક્યારેક ખુદનો સંબંધ દાવ પર લગાવવો પડે છે. કારણ કે સામે-સામે હોય ત્યારે તો દરેક વ્યક્તિ મીઠો બની રહે છે, પરંતુ પાછળથી તમારી વાણી, તમારો સ્વભાવ, તમારો ઈરાદો આ બધાનો પક્ષ રાખે, તો સમજી લો કે એ વ્યક્તિ માત્ર મિત્ર નથી, પરંતુ તમારા જીવનનો સૌથી વિશ્વાસપાત્ર માણસ છે. કારણ કે કોઈની હાજરીમાં તેની તરફેણ કરવી સહેલી છે પણ ગેરહાજરીમાં એની તરફેણ કરવી ખૂબ અઘરું કામ છે. તમારી સામે કોઈ તમારા વખાણ કરે કે તમારી તરફેણ કરે એ સહેલું છે, કારણ કે લોકો તમને દેખાડવા માટે પણ એવું કરી શકે. પરંતુ જ્યારે તમે ત્યાં ન હો, ત્યારે પણ કોઈ તમારી પ્રતિષ્ઠાની રક્ષા કરે તો એ મિત્રતા નિષ્ઠા અને સચ્ચાઈની ઊંચી કસોટી બની જાય છે.



**મનન ચિંતન**
**ભરત બાવીશી**

તમને ખબર પણ ન પડે એ રીતે કોઈ તમારી બદનામી થતી અટકાવે, તમારી ભૂલને ભૂલ ન ગણાવે પણ સમજે, તમારી ગેરહાજરીમાં તમારું સત્ય સૌ સુધી પહોંચાડે એઓ મિત્ર ખરેખર "હૃદયનું ઘર" બને છે. સામાન્ય રીતે ગેરહાજરી એટલે ગેરસમજનો દરવાજો. લોકો વચ્ચે ચર્ચાઓ થાય, ટીકા થાય, ખોટા અનુમાનો બંધાય, શંકાઓ થાય, આ બધું સ્વાભાવિક છે. સાચો મિત્ર પક્ષ લે છે પણ પાછળથી નબળી વાત નહિ કરે. જગતમાં સામાન્ય રીતે લોકો માણસની ગેરહાજરીમાં બે કામ કરે છે : એક તેની ટીકા અને બીજું એની ખોટી વાતો. પરંતુ આ બધાની વચ્ચે સાચો મિત્ર ત્રીજું કામ કરે છે કે જ્યાં તમે હાજર ના હોવ ત્યાં તમારી તરફેણ કરીને બોલે છે. જો કોઈ એક વ્યક્તિ એવો મળે જે શાંતિથી, સ્મિત સાથે અને નિષ્ઠાથી કહે કે "માર મિત્રને તમે ખોટો સમજો છો, એ એવો નથી," અને તમારી ગેરહાજરીમાં તમારી પાછળ બોલનાર આવી કોઈ વ્યક્તિ તમારા જીવનમાં જો કોઈ હોય તો જાણજો કે એ માણસ દુનિયાભરની ભીડમાં તમારો અડગ આધાર છે. મિત્રતાની સાચી કિંમત તો ત્યારે અનુભવાય છે, જ્યારે કોઈ તમારી ગેરહાજરીમાં પણ તમારી 'હાજરી' બને. લોકો સામે નહીં, પરંતુ તેમની પાછળ તમે કેવા છો એ વિશે સત્ય બોલવાની હિંમત એ મિત્રની વફાદારી અને તમારા પ્રત્યેની સાચી લાગણી દર્શાવે છે. આવો મિત્ર જીવનમાં એકાદ પણ હોય તો સમજજો કે તમે અમીર છો. કારણ કે પૈસા, પ્રતિષ્ઠા, ખ્યાતિ બધું મળી શકે, પરંતુ એવો મિત્ર, જે તમારી છબીનું રક્ષણ પોતાની છબીના જોખમે કરે તો એ તો ભાગ્યથી જ મળે છે. મિત્રતા શબ્દ નથી, મિત્રતા એ એવી છાયા છે, જે આપણી ગેરહાજરીમાં પણ આપણું રક્ષણ કરે છે. માટે એવા લોકોને સાચવો, એવા લોકો સાથે બેસો અને શક્ય હોય તો કોઈના જીવનમાં તમે પણ એવા મિત્ર બનીને રહો. કારણ કે દુનિયાને આજે પણ આવા સારા અને સાચા મિત્રની સૌથી વધુ જરૂર છે. ગેરહાજરીમાં પણ જો કોઈ તમારા સ્વભાવનું રક્ષણ કરે, તમારા સારા ગુણોને યાદ રાખે, તમારા નામને બદનામ થતું અટકાવે તો એ માત્ર મિત્ર નહીં, જીવનનો વાસ્તવિક ભરોસો છે. આજે સંબંધો ક્ષણભંગુર છે. સ્વાર્થના યુગમાં નિષ્ઠાવાન મિત્ર મળવો સૌથી વિશેષ ભાગ્ય છે. જે વ્યક્તિ ગેરહાજરીમાં તમારો પક્ષ લે છે એ તમને દિલથી સમજે છે, તમારા ગુણોને માન આપે છે, તમારા સંબંધની કિંમત સમજે છે અને સૌથી મહત્વનું તમારી ગેરહાજરીમાં પણ તમને એકલા પડવા દેતો નથી. અંતમાં મિત્રતા માત્ર સાથે રહેવાનું નામ નથી, મિત્રતા એ વ્યક્તિ છે જે તમારા સિવાય તમને ખબર પણ ન પડે તે રીતે તમને બચાવે છે. જો તમારા જીવનમાં એવા પણ મિત્રો હોય, તો તે મિત્રો તમારા ભાગ્યનું સૌથી કિંમતી રોકાણ છે. અને જો તમે કોઈના જીવનમાં એ મિત્ર છો તો તમે ખરેખર કોઈને ઈશ્વરની મળેલી ભેટ સમાન છો.અસ્તુ.

**સાચા મિત્રો બોલતા નથી પણ સાચા મિત્રો સાબિત કરતા રહે છે. ગેરહાજરી એ મિત્રતાની સાચી પરીક્ષા છે. "મિત્ર તમારા મોઢા પર શું બોલે છે તે મહત્વનું નથી પણ મિત્ર તમારી પીઠ પાછળ શું બોલે છે તે મહત્વનું છે."**

# ટુકડો જમીન નથી છતા મધ પાલનમાં સફળ સચિન

મધ એ કુદરતનું અત્યંત પૌષ્ટિક, ઔષધિય અને સર્વગુણ સંપન્ન પ્રોડક્ટ છે. મધમાખીઓ ફૂલોના રસમાંથી રસ લાવીને મધ તૈયાર કરે છે. જેમાં પ્રાકૃતિક શુગર, એન્ઝાઈમ, મિનરલ્સ, વિટામીન, એન્ટી-ઓકિસડન્ટથી ભરપુર ઔષધિય ગુણો હોય છે. વન વગડામાં તેમજ ખેતીના પાકો ઉપરાંત કયારેક કયારેક નળીયાવાળા ઘરોની અંદર મધના પુડા જોયા હશે. મોટાભાગે દેવીપૂજક સમાજના લોકો વન-વગડાની વાડોમાંથી મધ ઉજેરી અને વેચાણ કરતા હતા. આજે મધ(હની) એ વ્યવસાય બની ગયો છે. દેશના પ્રધાનમંત્રીએ શ્વેત ક્રાંતિથી સ્વીટ ક્રાંતિની વાત કરી અને ખેડૂતો તેમજ અન્ય વ્યવસાયકારોને આ વ્યવસાયમાં આવીને પુરક આવકની વાત કરી ત્યારે હોશિયાર વ્યકિતઓએ વાત ઝીલી લીધી અને ટન મોઢે મધ ઉત્પાદન કરતા થયા છે.

અમરેલી શહેરનો એક જુવાનીયો સચિન ચંપકલાલ રાવલ જેની ઉંમર માત્ર ૩૨ વર્ષ છે, જેનો અભ્યાસ બી.ઈ. આઈટી સુધીનો છે.



**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

માણસને જાણવાની ઈચ્છાઓ અને બધાથી કંઈક નવુ કરવાની ભાવનાઓ જ સફળતાઓ અપાવે છે. સ્વમાનના ભોગે કશું જ નહિ મધપાલન વ્યવસાયની માહિતી સચિને મેળવી, ઘર પરિવાર, મિત્રો સાથે ચર્ચાઓ કરી.

બધાના અલગ અલગ અભિપ્રાયો: આપણી પાસે જમીન નથી, મધ પેઢી કયા રાખીશ, ખેડુતો પેસ્ટી સાઈઝ બહુ છોડે છે, મધમાખી મરી જશે. આ બધા જ અભિપ્રાયો વચ્ચે સચિને હિંમત હાર્યા વિના આગળ વધવાના પ્રયત્ન કર્યા. મુળ સચિનને સંગીત અને મ્યુઝીકનો





શોખ હતો. કોરોના જેવા કપરા સમયમાં લોક ડાઉનમાં બધા નવરા બેઠા હતા ત્યારે કંઈક નવુ કરવાની જે ખેવના હતી એ ૨૦૨૧મા બહાર આવી અને શરૂ કર્યો મધપાલન વ્યવસાય. સચિન કહે છે કે મધ વિશે જેટલી માહિતી મેળવીએ એટલી ઓછી છે. મધના એક બોકસમાં ૫૦થી ૬૦ હજાર જેટલી માખીઓ હોય છે. સચિન પાસે ઈટાલીયન - બી- એપ્શિ મેલીફેશ નામની મધમાખીઓની ૯૫૦ જેટલી પેઢીઓ છે. મધપેટીઓ ખરીદવા અને મધને શુધ્ધ કરવા મશીનરી વસાવવા માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ મારફતે સહાય પણ મળવાપાત્ર છે તેમ સચિનભાઈએ જણાવ્યુ છે.

સારૂ મધ ઉત્પાદન નવેમ્બરથી મે મહિના દરમ્યાન મળે છે. જેમા શિયાળા દરમ્યાન વિવિધ પાકો જેવા કે વરીયાળી, અજમા, ધાણા, સરસવ, જીરૂ, ઉનાળામાં તલ સહિતના વિવિધ ફુલપાકો, ફળપાકો, ઔષધિય બાવળ, લીંમડાના ફુલોમાંથી રસ લાવીને મધમાખીઓ મધ પેદા કરે છે. મધમાખીના બોકસ એટલે કે પુડા ઉપર રાણી માખીનું સામ્રાજય હોય છે, ઓછા પ્રમાણમાં નર માખી હોય છે. જયારે બાકીની વર્કર માખીઓ હોય છ જે ફુલોમાંથી રસ લાવવાનુ કામ કરે છે.

આજે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો અને જાગૃત ખેડુતો પોતાના પાકમા મધ પેટીઓ મુકે તો પરાગરજના કારણે દવા વગર પણ૧૦ ટકા સુધી વધુ અને સારૂ ઉત્પાદન મળે છે.

મધનો ઉપયોગ હંમેશા રહેવાનો છે. દવા તરીકે, ખોરાકમાં, બ્યુટીકેર, હેલ્થ ટોનિક અને હવે મીઠાઈઓ થાય છે. મધના વિવિધ પ્રકારોની વાત કરવામાં આવે તો રોહની, ફેરિસ્ટ હની , મછી ફલોરા હની, યુક્તિ પ્લસ હની, અજમા, નિમ, તુલસી હની જેના ઔષિધય ગુણો અલગ અલગ હોય છે. વાર્ષિક ૧૩થી ૧૭ ટન મધનુ વેચાણ કરે છે. આગામી સમયમાં સચિનભાઈ બી. વેકસની વિવિધ પ્રોડકસ બનાવશે. વડીલોની કહવત છે. મન હોય તો માળવે જવાય, સચિનભાઈનો સંપર્ક નં. ૮૪૯૦૯ ૭૯૩૧૪

**:: તિખારો ::**

**દરેક માણસે પોતાના જીવનમાં સફળ થવું હશે તો તેના વિચાર બદલાવા પડશે, સમય ક્યારેય ખરાબ હોતો નથી. ખોટા રસ્તાઓ અને ખોટા પ્રયત્નો નિષ્ફળતા અપાવે છે. દરેક માણસ પોતાની સફળતાનો માલિક છે. સાચી દિશા, યોગ્ય માર્ગદર્શન અને પ્રયત્નો સફળતાની કેડી છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

## ઘઉં ::-

» અનાવૃત અંગારીયાના લક્ષણોમાં ઘઉંમાં ડુંડી આવે ત્યારે જ રોગના ચિન્હો જોવામાં આવે છે.

» રોગગ્રસ્ત ડુંડીમાં દાણાની જગ્યાએ કાળી ભૂકી જોવા મળે છે, આ ભુકી ફુગના સુક્ષ્મ બીજાણું છે.

» અનાવૃત અંગારીયાના નિયંત્રણ માટે ખેતરમાં રોગિષ્ટ છોડ દેખાતાની સાથે જ નાશ કરવો.

» મલ્ટી માઈક્રોન્યુટ્રીયન્ટ મિક્ષર ગ્રેડ ૪ નો વાવણી પછી ૩૦, ૪૫ અને ૫૦ દિવસે ઉભા પાકમાં ૧ % નો છંટકાવ કરવો.

» ઘઉંમાં નિંધલ અથવા દુધિયા દાણા બેસે ત્યારે ૫૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં ઝીંક સલ્ફેટના બે છંટકાવ કરવાથી ફાયદો થાય છે.

## કપાસ ::-

» કપાસના પાકમાં ૫૦ ટકા ફુલ અથવા ૫૦ ટકા જીંડવાના સમયે પાન પીળા અને લાલ થઈ જતા હોય છે. પાછલી અવસ્થામાં પોષક તત્વોની ઉણપના લીધે ઘણીવાર આવું બનતું હોય છે. ત્યારે પોષક તત્વોની પૂર્તિ કરવા બજારમાં મળતા ૧૯-૧૯-૧૯ (ના.ફો.પો.) એક પંપમાં ૧૦૦ ગ્રામ અને માઈક્રોમીક્સ (ગ્રેડ - ૪) ૨૫ ગ્રામ નાખી બે થી ત્રણ વાર છંટકાવ કરવાથી, ત્રણ વખત ૩% પોટેશીયમ નાઈટ્રેટનો છંટકાવ કરવાથી પાન પીળા / લાલ થતા અટકાવી શકાય. કપાસના પાકનું ઉત્પાદન વધારી શકાય છે.

» **અર્ધ શિયાળુ બાજરી :** બાજરામાં આવતાં ગેરુંના અસરકારક નિયંત્રણ માટે ૦.૨ ટકા મેન્કોઝેબ અથવા ૦.૨ ટકા ઝાયનેબનાં બે છંટકાવ કરવાથી રોગની શરુઆતથી ૧૫ દિવસનાં અંતરે ભલામણ કરવામાં આવે છે. બાજરીના પાકનું વહેલુ વાવેતર કરવાથી ઉપરોકત ઉપદ્રવ મહદઅંશે ઘટે છે.

» **રાઈ:** રાઈની માખીનાં ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. અથવા લીમડા આધારીત તૈયાર દવા ૨૦ (૧ ઈસી) થી ૪૦ (૦.૧૫ ઈસી) મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો તેમ છતાં ઉપદ્રવ કાબૂમાં ન આવે તો ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં અથવા ભૂકીરૂપ કીટકનાશક દવા કાર્બારિલ ૧૦ % અથવા ક્વિનાલફોસ ૧.૫ % અથવા ક્લોરપાયરીફોસ ૧.૫ % પ્રતિહેક્ટરે ૨૦ થી ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો.

» **વરીયાળી :** પાનનો સુકારોના નિયંત્રણ માટે રોગ વધુ જોવા મળે તો અસરગ્રસ્ત છોડની થડની આસપાસ તાંબાયુક્ત દવાનું (કોપર ઓક્સિકલોરાઈડ) ૦.૨% નું દ્રાવણ બનાવી થડની આસપાસ મૂળ ભીંજાય તે રીતે છાંટવું.

» **બટાકા :** છંટકાવ મિક્ષર ગ્રેડ – ૨ નો વાવણી પછી ૪૦, ૫૦ અને ૬૦ દિવસે ઉભા પાકમાં ૧ % નો છંટકાવ કરવો.

## મરચી / ટામેટા : કોકડવા ::-

» ● કાર્બોફયુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પદ્ધતિથી આપવી.

» ● ધરૂ નાખતાં પહેલા કાર્બોફયૂરાન ૩ ટકા જી દવા હેકટરે ૧.૫ કિ.ગ્રા. સક્રિય તત્વ પ્રમાણે જમીનમાં આપી ધરું તૈયાર કરવું.

» ● કાર્બોફયુરાન ૩ જી દવા ૫ ગ્રામ / છોડ રીંગ પદ્ધતિથી આપવી.

» ● રોગની શરૂઆત થાય ત્યારે ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા ડાયફેન્થ્યુરોન ૫૦ ટકા વે.પા. ૧૦ લિટર પાણીમાં ગ્રામ ભેળવી છંટકાવ કરવો.

# ખેતીમાં આત્મનિર્ભર બનવા તરફના પગલારૂપે પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગી ઘટકો તૈયાર કરવાની રીત



૨.અગ્નિઅસ્ત્રઃ ૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિ.ગ્રા. કડવા લીમડાના પાનની ચટણી +૫૦૦ ગ્રામ તીખા મરચાની ચટણી + ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી + ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરી ઠંડુ પડવા દેવું ત્યારબાદ બે દિવસ સુધી સવાર સાંજ ૫-૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવો પછી કપડાંથી ગાળીને ઉપયોગ કરવો.

ડોડીયા પ્રિયાંશી, દુલેરા પૂજા, જોષી શ્રીયા,
બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

સંગ્રહણ ક્ષમતા : ૩મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

છંટકાવઃ પ્રતિ એકર ૧૦૦થી ૨૦૦ લિટર પાણી + ૬થી ૮ લિટર અગ્નિઅસ્ત્ર.

૩.બ્રહ્માસ્ત્રઃ ૨૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર+ ૨ કિ.ગ્રા. કડવા લીમડાના પાનની ચટણી +૨ કિગ્રા પાનની ચટણી +૨ કિ.ગ્રા. સીતાફળના પાણીની ચટણી + બે કિ.ગ્રા. એરંડાના પાનની ચટણી + ૨ કિ.ગ્રા. ધતુરાના પાનની ચટણી +૨ કિ.ગ્રા. આ પૈકી કોઈ પણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરીને ઠંડું પડવા દેવું. ત્યારબાદ બે દિવસ સુધી સવાર સાંજ ૫–૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી ગરમ કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

સંગ્રહણ ક્ષમતાઃ ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય

છંટકાવઃ પ્રતિ એકર ૧૦૦થી ૨૦૦ લિટર પાણી + ૬ થી ૮ લિટર બ્રહ્માસ્ત્ર.

ફૂગનાશકોઃ

૧. બીજામૃતઃ ૫ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૫ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ + ૫૦ ગ્રામ ચૂનો + ૧ મુઠ્ઠી ઝાડ નીચેની માટીને ૨૦ લિટર પાણીમાં મિશ્રણ કરીએ ૧૦૦ કિ.ગ્રા. બિયારણને પટ આપવા માટે ૨૪ કલાક બાદ ઉપયોગમાં લેવું.

૨. સૂંઠાસ્ત્રઃ ૨૦૦ ગ્રામ સૂંઠ પાઉડરને ૨ લિટર પાણીમાં એટલું ઉકાળવું જેથી તે અડધું થઈ જાય. બીજા વાસણમાં ૨ લિટર દૂધને ધીમા તાપે ઉકાળી મલાઈ કાઢી નાખવી. ૨૦૦ લિટર પાણીમાં ઉપરનો ઉકાળો અને દૂધ મિક્સ કરી ૨ કલાક બાદ છોડ પર ઉપયોગ કરો.

આમ ઉપરોક્ત ઘટકો આપના ખેતર ઉપર જ તૈયાર કરી શકાય છે. તેથી ખેતરમાં પ્રદૂષણ ઘટે છે, વધારાના ખર્ચ વિના જ ખેતીમાં ઉત્પાદન વધારી શકાય છે. સાથે સાથે ખેતી ખર્ચ ઘટાડી શકાય છે. ઘરના દરેક સભ્યને એક અથવા બીજા કામમાં રોકી શકાય છે અને તેમનો પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ પણ ઉજાગર કરી શકાય છે. આ રીતે આત્મનિર્ભર બનવા તરફનું એક પગલું ભરી શકાય છે. આ સિવાય પણ અન્ય ઘટકો છે જે ભવિષ્યમાં અહી રજૂ કરીશું.





» રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોવાથી તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઈસી ૩.૪ મિ.લિ. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઈસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફોન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોકઝામ ૨૫ ડબ્લ્યુજી ૪ ગ્રામ અથવા ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» જમીનમાં પૂર્તિ માટેનો મિક્ષર ગ્રેડ – ૫ ૨૦ કિ.ગ્રા. / હે. મુજબ પાયાના ખાતર સાથે આપવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨





## ડુંગળી, રીંગણ, મરચી અને ટમેટીનું એક ગુંઠા ધરૂવાડીયાના વિસ્તાર માટે :

» ૫૦ થી ૭૦ કિ.ગ્રા. છાણીયું કે ગળતીયું ખાતર અથવા ૧૦ કિ.ગ્રા. દિવેલીનો ખોળ

» ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન, (એમોનિયમ સલ્ફેટ ૨.૫ કિલો)

» ૫૦૦ ગ્રામ ફોસ્ફરસ (ડીએપી ૧.૦ કિલો) ગાદી કયારા તૈયાર કર્યા બાદ બીજની વાવણી પહેલા પુંખીને પંજેઠી મારી જમીન સાથે ભેળવી દેવું.

» બીજના ઉગાવા બાદ ૧૫ થી ૨૦ દિવસ પછી ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન એમોનિયમ સલ્ફેટના રૂપમાં આપવું.

» ધરૂવાડીયાની જમીનમાં ઝીંક અને લોહતત્વની ઊણપ જણાતી હોય છે માટે એક ગુંઠામાં ૪૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ, ૨૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ અને ૧૦૦ ગ્રામ બોરેક્ષને જમીન તૈયાર કરતી વખતે પાયામાં આપવું.

» **મરી મસાલાના પાકો :** મરી મસાલાના પાકો (વરીયાળી, જીરુ, ધાણા, મેથી, સુવા અને અજમો)માં કથીરીના નિયંત્રણ માટે સ્પાયરોમેસીફેન ૧૦ મિ.લિ.અથવા પ્રોપરગાઈટ ૧૦ મિ.લિ. અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

» **તમાકુઃ** તમાકુ આણંદ-૨ અને જીટીએચ-૫ નું વાવેતર કરો.

» **ચણા :** યુરિયાનો છંટકાવ બિન પિયત ચણામાં ફૂલ બેસતી વખતે પ્રથમ અને તેના ૨૦ દિવસ પછી ૨ % યુરિયા દ્રાવણનો બીજો છંટકાવ કરવાથી ઉત્પાદન વધે છે.

» ચણામાં પિયત (૧) ઓરવીને વાવ્યા પછી ૨૦ દિવસે (૨) ફુલ બેસતી વખતે (૩) પોપટા બેસતી વખતે અને (૪) દાણા ભરાતી વખતે આપવું.

» પોપટા કોરીખાનાર ઈયળના નિયંત્રણ માટે ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૩ મિ.લિ. અથવા ફ્લુબેન્ડિયામાઈડ ૩ મિ.લિ. અથવા ફ્લુબેન્ડીયામાઈડ ૩ મિ.લિ. અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૧૦ મિ.લિ. / ૧૦ લિટર પાણીમાં નાખી પ્રથમ છંટકાવ ૫૦ % ફુલ અવસ્થાએ અને બીજો છંટકાવ પ્રથમના ૧૫ દિવસે કરવો.

» લીલી ઈયળ, આ જીવાત પાન, કુણી કુપણો અને પોપટા કોરી ખાય છે. એના નિયંત્રણ માટે ફેરોમેન વીધે ૧ મુકવું. રાસાયણિક દવાઓમાં પ્રોફેનોફોસ ૨૦ મિ.લિ. અથવા ઈમાંમેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ અથવા કલોરાન્ટ્રાનિલીપ્રોલ ૨ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી ફુલ બેસે ત્યારે અને પછી ૧૫ દિવસ બાદ ફરીથી છંટકાવ કરવો.

» **ચણા :** સ્ટંટ વાયરસ : રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની કીટનાશક જેવી કે ઓકિઝડીમેટોન મીથાઈલ ૧૨ મિ.લિ. અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈસી અથવા ડાયમીથોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી જરુરિયાત મુજબ છંટકાવ કરવો.

» **તુવેર :** ફુલ, શીંગ અને શીંગમાં દાણા ભરવા, એ કટોકટીની અવસ્થા હોય, ત્યારે પિયત આપવું.

» **શેરડી અને ઘઉં :**

» આ પાકમાં મેંગેનીઝની ઉણપ દેખાય ત્યારે છોડના કુમળા પાન પીળા દેખાય તથા પાનની નસો ઘાટી લીલી જોવા મળે અને નસો વચ્ચેનો ભાગ પીળો દેખાય.

» વચ્ચેના પીળા પાન પર રતાશ પડતા તપખરીયા રંગની ભાત અને પાનની નાનામાં નાની શીરા લીલી દેખાય.

» મેંગેનીઝની ઉણપ દેખાય ત્યારે ૦.૬ ટકા મેંગેનીઝ સલ્ફેટને ૦.૩ ટકા ચૂનાના નીતર્યા પાણીમાં ઓગાળીને દ્રાવણનો છોડ પર છંટકાવ કરવો.

» જમીનમાં ૮૦ કિ.ગ્રા. / હેક્ટર મેંગેનીઝ સલ્ફેટ આપવું. તેમજ જમીનમાં સેન્દ્રીય ખાતર આપવું.

» લસણ અને ડુંગળીના મૂળનો ગુલાબી સડો :

» **લક્ષણો :**

» લસણ અને ડુંગળીના મૂળનો ગુલાબી સડો એક પ્રકારની ફૂગ ફયુઝેરીયમથી થાય છે.

» રોગકારકનો ચેપ મૂળ દ્વારા લાગે છે. નબળા અને ઈજાગ્રસ્ત મૂળમાં રોગનો ચેપ વધુ લાગે છે. તેથી મૂળ સડી જાય છે. કંદમાં પણ ચેપ લાગે છે તેથી પોષક તત્વો અને પાણી કંદને ન મળવાથી ચીમળાઈને સડી જાય છે.

» આ રોગ પાણી મારફત એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેલાય છે. તાપમાન વધવાથી આ રોગની તીવ્રતા વધે છે. ઘણી વખત ગુલાબી મૂળ ભૂખરા થઈ ચીમળાઈને નાશ પામે છે. નવા ફુટતા મૂળ પણ રોગીષ્ટ થઈ સડી જાય છે. સામાન્ય રીતે પાન પર આ રોગના કોઈ લક્ષણ જોવા મળતા નથી પણ કંદ / ગાંઠીયાનું કદ નાનું રહે છે. છતાં વધુ પ્રમાણમાં રોગ લાગેલ હોય તો પાનની ટોચ સફેદ, પીળી પડી જાય છે.

**રીંગણા, ટમેટી, મરચી તથા ડુંગળીના ધરૂવાડીમાં આવતી જીવાતો તથા તેનું નિયંત્રણ**

| | | | |
|---|---|---|---|
| ૧ | મોલોમશી, તડતડીયા, થ્રીપ્સ, સફેદ માખી વગેરે | પાનમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે. | શોષક પ્રકારની દવા જેવી કે ટ્રાયઝોફોસ ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં અથવા ઈમિડાકલોપ્રીડ ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. |

## જીરુમાં સુકારોઃ

» આ રોગ જમીનજન્ય ફુગ ફયુઝેરીયમ ઓકઝીસ્પોરમ ફોર્મા સ્પીસીસ કયુમીનીથી થાય છે.

» જીરુનો છોડ પાણીની તાણ પડે ને લંઘાય તેમ રોગકારક ફુગના ચેપને લઈને છોડ લંઘાય, પાણી આપેલ હોય તો પણ છોડ લંઘાય છે. આ તંદુરસ્ત લાગતા છોડના ઉપરના કુણા ડોકા, કુમળી ડાળીઓ બીજા દિવસે અચાનક નમી પડે છે. સામાન્ય રીતે ૨૫ – ૩૦ દિવસના છોડ થાય ત્યારે આ રોગ દેખાય છે. રોગનો ચેપ લાગેલ છોડ ત્યારબાદ સુકાઈ જાય છે. રોગની શરૂઆત ખેતરમાં કુંડી – ગુંડીઓમાં જોવા મળે છે. જે ધીમે ધીમે વધારે વિસ્તારમાં પ્રસરે છે. રોગિષ્ટ છોડમાં દાણા બેસવાનો પ્રશ્ન જ નથી, બેસે તો દાણાનો વિકાસ થતો નથી, તેથી દાણા ચીમળાયેલા વજનમાં હલકા, ઉતરતી ગુણવત્તાના હોય છે.

» ટ્રાયકોડર્મા વીરીડી અથવા ટ્રાયકોડર્મા હરજીયાનમ સંવર્ધિત છાણીયુ ખાતર ૧૦ ટન/હે. અથવા દિવેલી અથવા રાયડાનો ખોળ અથવા પોલ્ટ્રી ખાતર ૨.૫ ટન/હે. આપવાથી રોગના પ્રમાણમાં ઘટાડો થાય છે.

» સંરક્ષણત્મક પગલાં રૂપે વાવણી બાદ ૪૫ દિવસે ૩૦૦ મેશ ગંધકની ભૂકી ૨૫ કિ.ગ્રા. / હેકટર પ્રમાણે સવારમાં છોડ ઉપર ઝાકળ હોય ત્યારે છંટકાવ કરવો.

» રોગ દેખાય કે તરત જ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

» ભૂકી સ્વરૂપે ગંધકને બદલે દ્રાવ્ય રૂપમાં છંટકાવ કરવા માટે દ્રાવ્ય ગંધક ૮૦ વેપા ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૨ થી ૩ છંટકાવ કરવા.

» તેના નિયંત્રણ માટેઃ (૧) પાક ૩૦ દિવસનો થાય ત્યારે મેંકોઝેબ ૦.૨ ટકા (૨૭ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં) દ્રાવણના કુલ ૪ છંટકાવ ૧૦ દિવસે કરવા. દવા છાંટતી વખતે છોડના બધા જ ભાગો પર દવા બરોબર છંટાય તેની કાળજી અવશ્ય રાખવી.

» (૨) સુકાતા છોડની આજુબાજુ કાર્બેન્ડાઝીમ (૫૦%) ૦.૧ % ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી રેડવું. કમોસમી વરસાદ પડે ત્યારે પાકમાં ફૂગ આવવાની શક્યતા રહેશે ત્યારે ફૂગનાશક દવાનો છંટકાવ અથવા પિયત સાથે આપવી જેમ કે ધરામૃત પી અને પ્લેટીનમ કે અન્ય ફૂગનાશક દવા પાલર પાણી સાથે આપવી. જૈવિક ખેતી કરતા ખેડૂતોએ મૂળમાં માટીના સ્વાસ્થ્યને સુધારે તેવા સૂક્ષ્મ જીવાણુઓ વિવિધ જમીનથી થતા રોગો સામે પ્રતિકારક શક્તિ તરીકે કાર્ય કરે, રોગકારક જીવાણુઓ માટે પ્રતિકૂળ વાતાવરણ બનાવે છે અને છોડની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે તેમજ સુક્ષ્મ જીવાણુઓની પ્રવૃત્તિ જમીનની રચનામાં સુધારો કરે, પાણીની જાળવણી અને વાયુ મિશ્રણમાં વધારો કરવા, મૂળના વધુ સારા વિકાસ અને પોષક તત્ત્વોના શોષણની સુવિધા આપે છે તેવા ખાતરોનો ઉપયોગ કરવો જોઈએ. જેવા કે ધાર તત્વ શક્તિ અને પ્લેટિનમ તે સિવાય બજારમાં મળતા પરિણામ આપતા ખાતરો વાપરવા જોઈએ.

## ૧.૨.૩. ઝેર આધારીત વર્ગીકરણઃ

### કોષ્ટકઃ જંતુનાશક ઝેરના આધારે વર્ગીકરણ (જંતુનાશક નિયમ ૧૯૭૧ હેઠળ)..

| ઝેરની માત્રા મુજબ વર્ગીકરણ | એલ.ડી. ૫૦ (મિ.ગ્રા./કી.ગ્રા. પરીક્ષણ પ્રાણીઓનું વજન મુજબ) | | ડબ્બા પર દર્શાવેલ ત્રિકોણનો રંગ | પ્રતીક |
|---|---|---|---|---|
| | ચામડી દ્વારા | મુખ દ્વારા | | |
| અત્યંતઝેરી | ૧ થી ૨૦૦ | ૧ થી ૫૦ | લાલરંગ |   |
| ઝેરી | ૨૦૦ થી૨૦૦૦ | ૫૦ થી૫૦૦ | પીળારંગ |   |
| સાધારણ ઝેરી | ૨૦૦૦ થી૨૦૦૦૦ | ૫૦૦ થી૫૦૦૦ | ભૂરારંગ |   બાળકોની પહોંચથી દૂરરાખો |
| સહેજઝેરી | ૨૦૦૦૦ થી વધુ | ૫૦૦૦ થી વધુ | લીલારંગ |   |
| નોંધ: જેમ એલ.ડી. ૫૦ (મિ.ગ્રા./કી.ગ્રા.) ઓછી, તેમ દવા વધુ ઝેરી | | | | |

# બાબરામાં ટેકાના ભાવે મગફળી ખરીદી માટે બીજું સેન્ટર શરૂ થતાં ખેડૂતોમાં આનંદ

બાબરા, તા.૩૦



બાબરામાં રાજ્ય સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે બીજું સેન્ટર ફાળવવામાં આવતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. બાબરા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીને ખરીદી માટેની મંજૂરી મળતા આજથી અમરેલી રોડ પર આવેલા અમીધારા જિન ખાતે ખરીદીનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. અગાઉ બાબરા માર્કેટિંગ યાર્ડમાં દેવભૂમિ મંડળી પાસે એકમાત્ર ખરીદી સેન્ટર હતું, જ્યાં મોટા પ્રમાણમાં રજિસ્ટ્રેશન હોવાને કારણે ખરીદી પ્રક્રિયા ધીમી ગતિએ ચાલતી હતી. આથી ખેડૂતો દ્વારા બીજું સેન્ટર ફાળવવાની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીને મંજૂરી આપતા આજે ખેડૂતોના હસ્તે ખરીદી શરૂ કરાઈ હતી.

# ચૂંટણી પંચે ૧૨ રાજ્યોમાં મતદાર યાદી સુધારણા સમયમર્યાદા ૧૧ ડિસેમ્બર સુધી લંબાવી

નવીદિલ્હી,તા.૩૦

ચૂંટણી પંચે ૧૨ રાજ્યોમાં SIR ની સમયમર્યાદા સાત દિવસ લંબાવી છે. મતદાર યાદીનું ખાસ સઘન પુનરાવર્તન (એસઆઈઆર) હવે ૧૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. પંચ દ્વારા સુધારણાની અંતિમ તારીખ લંબાવવાની જાહેરાત કરતી નોટિસ અનુસાર, ડ્રાફ્ટ મતદાર યાદી ૧૬ ડિસેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. અંતિમ મતદાર યાદી ૧૪ ફેબ્રુઆરીએ પ્રકાશિત કરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું છે કે મતદારોની નોંધણી માટે ગણતરી ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૧ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. પંચે એમ પણ કહ્યું છે કે મતદાન મથકો, એટલે કે મતદાન મથકો ફાળવવાની પ્રક્રિયા ૧૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે. ૩૦ નવેમ્બરના રોજ જાહેર કરાયેલા સમયપત્રક અનુસાર, પંચે જણાવ્યું છે કે નિયંત્રણ કોષ્ટકો ૧૨ થી ૧૫ ડિસેમ્બર વચ્ચે ગોઠવવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, તમામ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડ્રાફ્ટ મતદાર યાદીઓ પણ તૈયાર કરવામાં આવશે.

# દિલ્હીમાં તિગડી એક્સટેન્શનમાં ફૂટવેર શોપમાં ભીષણ આગ, ૪ના મોત

નવી દિલ્હી, તા.૩૦



સાઉથ દિલ્હીના તિગડી એક્સટેન્શનમાં શનિવારે સાંજે એક ફૂટવેર દુકાનમાં આગ લાગવાથી ચાર લોકોના મોત થયા છે, જ્યારે બે ઘાયલ થયા છે. ઘટના સ્થળે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ફૂટવેરની દુકાન હતી, જ્યાંથી આગ ઉપરના માળ સુધી ફેલાઈ. મૃતકોમાં બિલ્ડિંગનો માલિક સત્યેન્દ્ર અને તેની બહેન અનિતા પણ છે. ઘાયલોમાંથી એકનું નામ મમતા છે, તે ૨૫% દાઝી ગઈ છે, બાકીનાની ઓળખ હજી બાકી છે. પોલીસને સાંજે ૬ વાગ્યે PCR કોલ મળ્યો હતો. ફાયર બ્રિગેડે ૪ ટેન્ડર મોકલી આગ પર કાબૂ મેળવ્યો હતો. ક્રાઈમ અને ફોરેન્સિક ટીમોએ તપાસ શરૂ કરી છે.

# બિહાર જીત બાદ ભાજપનું ધ્યાન હવે બંગાળ, આસામ અને તમિલનાડુની ચૂંટણી પર કેન્દ્રિત

કોલકાતા,તા.૩૦

બિહારમાં એનડીએની શાનદાર જીત પછી, ભાજપનું ધ્યાન હવે આગામી ચૂંટણીવાળા રાજ્યો પર છે. મુખ્ય રાજ્યો પશ્ચિમ બંગાળ, આસામ અને તમિલનાડુ છે. ભાજપ આ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીઓમાં બિહાર ચૂંટણી દરમિયાન ઉપયોગમાં લેવાતી રણનીતિ અને કુશળતાનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. આ સંદર્ભમાં, ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ ૨૬ નવેમ્બરે દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને બિહાર ચૂંટણી પ્રચારમાં સામેલ તમામ ભાજપ નેતાઓ માટે રાત્રિભોજન બેઠક બોલાવી છે. જેપી નડ્ડા બિહારની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનારા કેટલાક નેતાઓને પણ સામેલ કરશે. ટોચના નેતૃત્વનું માનવું છે કે બિહારમાં સફળતા અપાવનાર મોડેલ બંગાળ અને આસામમાં પણ અસરકારક સાબિત થઈ શકે છે. નડ્ડાની સાથે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, બિહાર ચૂંટણીના પ્રભારી કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને રાજ્ય પ્રભારી વિનોદ તાવડે પણ રાત્રિભોજન બેઠકમાં હાજરી આપશે.

# ચલાલા નગરપાલિકા સફાઈ કર્મચારીઓની હડતાલ સમેટાઈ

**પી.એફ. કપાત મુદ્દે ચીફ ઓફિસર-પ્રમુખની લેખિત ખાતરી બાદ સમાધાન**

ચલાલા, તા.૩૦



ચલાલા નગરપાલિકાના રોજમદાર સફાઈ કામદારો સરકારના નિયમ મુજબ તેમના પગારમાંથી ઈ.પી. એફ. કપાત શરૂ કરવાની માંગ સાથે ત્રણ દિવસથી હડતાલ પર હતા. કામદારોનું કહેવું હતું કે નગરપાલિકામાં અન્ય તમામ રોજમદાર કર્મચારીઓ ઓફિસ, પાણી પુરવઠા, ઈલેક્ટ્રિક વિભાગ, ડ્રાઈવરોનો નિયમિત પી.એફ. કપાય છે, પરંતુ માત્ર સફાઈ કર્મચારીઓ ગુમ છે, જે વર્ષોથી તેમના શોષણ સમાન છે. કામદારો અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી ચૂક્યા બાદ, આખરે ૨૮ નવેમ્બરની બપોરે હડતાલ પર ઉતર્યા હતા. શહેરમાં બે દિવસ સુધી ગંદકીના ઢગલા જોવા મળતા જનજીવન પર અસર થઈ હતી. રવિવારે ચીફ ઓફિસર અને પ્રમુખે વહેલી તકે પી.એફ. કપાત શરૂ કરવાની લેખિત ખાતરી આપતાં સફાઈ કામદારોએ હડતાલ સમેટી લીધી છે અને આજથી ફરી કામે જોડાશે. હડતાલ બંધ થતા શહેરવાસીઓએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

# અલ્પેશ કથીરિયાનો આરોપ : સહકારી રાજકારણમાંથી પાટીદારોને દૂર કરવાની સરકારની કોશિશ

અમદાવાદ,તા.૩૦

પાટીદારાને સહકારી રાજકારણમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે, એમ અલ્પેશ કથીરિયાએ જણાવ્યું હતું. પાટીદારોનુ રાજકીય પતન એ બાબતમાં સ્પષ્ટ છે કે દૂધસાગર ડેરીમાં ૨૧-૧૮ ટકા મતદારોની સરખામણીમાં બે ડિરેક્ટરો છે, અને ઈડબ્લ્યુએસ અમલીકરણનો અભાવ છે. કથીરિયા કહે છે કે EWS લાગુ કરવામાં આવે તો ૧૦ ટકા અનામત આપી શકાય છે. ભાજપના પાટીદાર નેતા વરુણ પટેલે નારાજગી વ્યક્ત કરી છે. પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાએ વરુણ પટેલના નિવેદનને ટેકો આપ્યો છે. અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું કે ભાજપ સરકાર ગુજરાતમાં સહકારી રાજકારણમાંથી પાટીદારોને દૂર કરવા માટે કામ કરી રહી છે. મહેસાણા દૂધસાગર ડેરીમાં સૌથી વધુ ૨૧.૧૮ ટકા મતદાન થયું હોવા છતાં, ડિરેક્ટર બોર્ડમાં ફક્ત બે પાટીદારોને ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. છતાં, પાટીદારો જાગશે નહીં તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ આવી જ સ્થિતિ જોવા મળશે.

# રાંચીમાં ભારત સાઉથ આફ્રિકા સામે ૧૭ રનથી જીત્યું, કોહલીની સદી અને કુલદીપે ૪ વિકેટ લીધી

રાંચી, તા.૩૦



પહેલી વન-ડેમાં ભારતે સાઉથ આફ્રિકાને ૩૫૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. રાંચીમાં ટોસ જીતી આફ્રિકાએ બોલિંગ પસંદ કરી, પરંતુ વિરાટ કોહલીની શાનદાર સદીની મદદથી ભારતે ૮ વિકેટે ૩૪૯ રન બનાવ્યા હતા. કોહલી એક જ ફોર્મેટમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટર બન્યો છે. રોહિત શર્માએ પણ વન-ડેમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો વિશ્વ રેકોર્ડ તોડ્યો હતો. જવાબમાં સાઉથ આફ્રિકાએ ૩૩૨ રન સુધી જ લડત આપી હતી. કોર્બિન બોશ અડધી સદી સાથે અંત સુધી જઝુમ્યો, પરંતુ જીત સુધી લઈ જઈ શક્યો ન હતો. કુલદીપ યાદવે ૪ મહત્વની વિકેટ લઈ મેચનો પરિણામ બદલી દીધું હતું. હર્ષિત રાણાએ પણ રિકેલ્ટન, ડી કોક અને બ્રેવિસને આઉટ કર્યા હતા. અર્શદીપ સિંહે માર્કરમ અને બર્ગરને પેવેલિયન મોકલ્યા. છેલ્લી ઓવરોમાં બોશે છગ્ગા-ચોગ્ગા ફટકાર્યા, પરંતુ ભારતે ૧૭ રનથી રોમાંચક જીત હાંસલ કરી હતી.

# ધોરાજીના ભૂતવડ ખાતે RSS શતાબ્દી વર્ષ નિમિત્તે 'સપ્તશક્તિ સંગમ' કાર્યક્રમનું ભવ્ય આયોજન

ધોરાજી, તા.૩૦



વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષણ સંસ્થાન તથા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન સ્વ. રતિલાલ વઘાસિયા સ્મારક ટ્રસ્ટ, ધોરાજી સંચાલિત સરસ્વતી વિદ્યાપીઠ, ભૂતવડ ખાતે શનિવારના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી વર્ષીય ઉજવણીના પાવન અવસરે 'સપ્તશક્તિ સંગમ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૧૦ના શ્લોક ૩૪ના આશયને કેન્દ્રમાં રાખીને નારી શક્તિના સાત સ્વરૂપો કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમાની આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક મહત્તા વિશે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમમાં સમાજ, પરિવાર અને રાષ્ટ્ર નિર્માણમાં નારી શક્તિના યોગદાન અને તેમની પ્રાથમિક ભૂમિકા પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે ધોરાજી ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં માતૃશક્તિઓ, માતાઓ અને બહેનો ઉત્સાહભેર જોડાઈ હતી.

# કોડીનાર-વડોદરા રૂટના કંડકટર અને ડ્રાઈવરની ઈમાનદારી: બસમાં મળેલું પાકીટ માલિકને પરત

કોડીનાર, તા.૩૦



કોડીનારથી વડોદરા વાયા ભાવનગર રૂટ પર દોડતી GSRTC બસ નંબર ૮૦૭૨માં એક મુસાફરનું પાકીટ પડી ગયું હતું. ફરજ પરના કંડકટર દિવ્યેશભાઈ વાળા અને ડ્રાઈવર ગીગાભાઈએ પાકીટ મળી આવતા તરત જ તેને ભાવનગર ડેપોના T.C. પોઈન્ટ પર સોંપ્યું. દસ્તાવેજોની યોગ્ય ચકાસણી બાદ પાકીટ તેના વાસ્તવિક માલિક મહમદભાઈ સૈયદને ઈમાનદારીપૂર્વક પરત અપાયું. પોતાના જરૂરી દસ્તાવેજો સુરક્ષિત મળતાં મહમદભાઈએ GSRTC સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલીમાં આજે ગીતા જયંતિની જિલ્લા સ્તરીય ઉજવણી થશે

અમરેલી, તા.૩૦

આજ રોજ જિલ્લા સ્તરે ગીતા જયંતિની ભવ્ય ઉજવણી યોજાશે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત આયોજન હેઠળ આ કાર્યક્રમ શ્રી દિલિપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે સવારે ૯:૦૦ વાગ્યે પ્રારંભ થશે. જ્ઞાન, આધ્યાત્મિકતા અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું સંસ્કૃત પ્રદર્શન કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. સાથે જ શ્રીમદ ભગવદ ગીતાના માનવ જીવન પરના મૂલ્યવાન ઉપદેશ વિષે પ્રેરક ઉદબોધન પણ થશે. યુનેસ્કોની Memroy of the Wrold Registerમાં સ્થાન પામવાથી ગીતા ગ્રંથની વૈશ્વિક પ્રતિષ્ઠા વધીને વધુ તેજસ્વી બની છે. શહેરના નાગરિકો, સંસ્કૃત પ્રેમીઓ, વિદ્યાર્થીઓ અને વિવિધ સંસ્થાઓને આ મહોત્સવમાં વધતાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સોમનાથ ખાતે દાવો ન કરાયેલ બેંકોની થાપણો પરત આપવા શિબિર યોજાઈ

સોમનાથ, તા.૩૦

સોમનાથ પ્રભાસ પાટણ ખાતેના રામ મંદિર ઓડિટોરિયમમાં આજે વેરાવળ વિભાગની વિવિધ બેંકો, LIC, મ્યુચ્યુઅલ ફંડ, પેન્શન રકમ જે તે વિભાગમાં લાંબા સમયથી પડતર પડી રહી છે તે પાછી આપવા ''તમારી મૂડી તમારો અધિકાર'' ટેગ લાઈન સાથે રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશના ભાગે આ શિબિર યોજવામાં આવી હતી. જેમાં સૂર્યનારાયણ પાંડે (બી એન્ડ ઓ) મુખ્તાર સિંગ જી.એમ .બેંક ઓફ બરોડા, અમરીશ રંજન રીજીયોનલ ડાયરેક્ટર રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, વેરાવળ મામલતદાર રજનીકાંત પરસાણીયા તેમજ વિવિધ શાખાના અધિકારીઓ અને ખાતેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઓક્ટોબરથી શરૂ થયેલ આ ઝુંબેશથી દરેક જિલ્લામાં પેન્શન, ઈન્સ્યોરન્સ, ડિવિડન્ડ, શેર, દસ વર્ષથી નિષ્ક્રિય રહેલા બેંક ખાતામાં જે રકમ પડતર તરીકે છે તે તેના મૂળ માલિક કે વારસદાર સુધી પહોંચે તે માટેનો આ સંનિષ્ઠ પ્રયાસ છે. આવા દાવો ન થયેલા કરોડો રૂપિયા જુદી જુદી બેંકમાં છે જે પરત મેળવવા સરળ પ્રક્રિયા બનાવાઈ છે.

# જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ, કોડીનારના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં મેળવ્યું ગૌરવ

કોડીનાર,તા.૩૦



ગીર સોમનાથ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત તાજેતરમાં ફૂટબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોડીનારની જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. તા. ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ, કોડીનાર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા U-૧૪ વય જૂથના ભાઈઓ અને બહેનોની રમત માટે હતી. જ્ઞાન શક્તિ સ્કૂલના ખેલાડીઓએ અસાધારણ ખેલદિલી અને કૌશલ્ય દાખવ્યું હતું. સ્પર્ધાના અંતે ભાઈઓની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને બીજો ક્રમાંક મેળવ્યો. જ્યારે બહેનોની ટીમે પણ સારો દેખાવ કરીને ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો હતો.

**જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી**

# ધોરાજીમાં નેશનલ હાઈવે પર બાઈક સ્ટંટ કરતો શખ્સ ઝડપાયો: સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થતાં પોલીસની કાર્યવાહી

ધોરાજી, તા.૩૦



ધોરાજી તાલુકા પોલીસે નેશનલ હાઈવે પર માનવજીવન જોખમાય તે રીતે મોટરસાઈકલ વડે સ્ટંટ કરતા એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વિગત મુજબ, ધોરાજીના રાજકોટ-પોરબંદર હાઈવે પર એક શખ્સ બાઈક ઉપર જોખમી સ્ટંટ કરતો હોય તેવો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ બાબત ધ્યાને આવતા મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજે કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.

જે અન્વયે ધોરાજી તાલુકા પોલીસ દ્વારા ટીમ બનાવવામાં આવી હતી. પોલીસે હ્યુમન સોર્સના માધ્યમથી તપાસ કરતા વિડીયોમાં દેખાતા શખ્સની ઓળખ થઈ હતી અને તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા શખ્સનું નામ ફિરોઝ દિલાવરખાન હોવાનું સામે આવ્યું છે. ધોરાજી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ BNS અને સ્ફ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**રાજકોટ-પોરબંદર હાઈવે પર જીવલેણ કરતબો કરનાર ફિરોઝ દિલાવરખાન વિરુદ્ધ BNS અને MV એક્ટ હેઠળ ગુનો દાખલ**

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે બાબાપુર- તરવડા- મેડી - સરંભડા રોડનું વાઈન્ડીંગ અને નવિનીકરણના કામનું ખાતમુહૂર્ત

અમરેલી, તા.૩૦

રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી જિલ્લાના વિકાસ કાર્યોને આગળ ધપાવતા આજે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૮૫૦ લાખના ખર્ચે બાબાપુર - તરવડા- મેડી- સરંભડાના કુલ - ૯.૮૦ કિલોમીટરના રોડના વાઈન્ડીંગ



અને નવનીકરણના કામનો ખાતમુહૂર્ત કરી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, રસ્તાના કામો ગુણવત્તા યુક્ત સાથે જ સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નેમ છે, તેના અનુસંધાને તેમણે ગ્રામજનોને રસ્તાની ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ જણાય તુરંત ધ્યાને મુકવા અનુરોધ કર્યો હતો. રાજ્ય મંત્રીએ આ રોડનું સ્વામિનારાયણ ગુરુકુળના સંતો મહંતો, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યો અને આસપાસના ગામના અગ્રણીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.

# અમરેલીમાં કૌશિક વેકરીયાના હસ્તે ૧૯ એસ.ટી. બસોને લીલીઝંડી આપી પ્રારંભ

**મંત્રીએ અન્ય મહાનુભાવોએ નવી બસોમાં બેસીને નિરીક્ષણ કર્યું**

અમરેલી, તા.૩૦

કૌશિક વેકરીયાએ વધુ ૧૯ એસ.ટી. બસોનો લીલીઝંડી આપી પ્રારંભ કરાવ્યો છે. અમરેલી એસ.ટી. વિભાગને નવી ૧૯ બસ મળવાથી સાવરકુંડલા ડેપો હેઠળ છોટાઉદેપુર- સાવરકુંડલા, સાવરકુંડલા- વેરાવળ,



સાવરકુંડલા- ગાગરડી, અને રાજુલા - રાજકોટ, અમરેલી ડેપો હેઠળ જાફરાબાદ- ગાંધીનગર તથા ગાંધીનગર - જાફરાબાદ, બગસરા ડેપો હેઠળ બગસરા- કૃષ્ણનગર, બગસરા- સુરત, સુરત- બગસરા, ધારી ડેપો હેઠળ ધારી-વિસનગર, વિસનગર - ધારી અને ધારી - જામનગર, ઉના ડેપોની ઉના-ઓખા અને કોડીનાર ડેપો હેઠળ કોડીનાર- વડોદરા, વડોદરા- કોડીનાર, કોડીનાર-રાજકોટ, દીવ-રાજકોટ અને ઉના - પોરબંદર રૂટ શરૂ કરવામાં આવ્યા છે. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, વનરાજભાઈ કોઠીવાળ સહિત અન્ય પદાધિકારીઓ અને એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં રોકાણના નામે ૪૭.૫૦ લાખના સાયબર ફ્રોડમાં ભાવનગર એનએસયુઆઈ પ્રમુખની ધરપકડ

અમદાવાદ,તા.૩૦

સાયબર ક્રાઈમમાં રોકાણના નામે ૪૭.૫૦ લાખનું સાયબર ફ્રોડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસમાં છેતરપિંડીના નાણાં જે એકાઉન્ટમાં ગયા હતા તેની પોલીસે તપાસ હાથ ધરી હતી. જે ફ્રોડમાં વપરાયેલા બેંક એકાઉન્ટોની તપાસ દરમિયાન કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ ભાવનગરના પ્રમુખની સંડોવણી સામે આવતા પોલીસે ભાવનગર એનએસયુઆઈ પ્રમુખની ધરપકડ કરી છે. ફ્રોડની રકમના કેટલાક નાણાં જે એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા બાદ આરોપીએ તે નાણાં ખાતા ધારક પાસે વિડ્રો કરાવીને આંગડિયા મારફતે મેળવ્યા હોવાનું સામે આવ્યું છે. કેટલાક સમય અગાઉ અમદાવાદ સાયબર ક્રાઈમમાં રોકાણના નામે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ગઠિયાઓએ ભોગ બનનારને શેરબજારમાં રોકાણ કરવાનું કહીને સારા નફાની લાલચ આપીને ૫૦.૫૦ લાખ પડાવી લીધા હતા. જે બાદ ત્રણ લાખ પરત આપીને ૪૭.૫૦ લાખ ન આપીને છેતરપિંડી આચરી હતી.

# પોલીસ પટ્ટા મુદ્દે જિગ્નેશ મેવાણીના સમર્થનમાં AAP : ગોપાલ ઈટાલિયાનો સરકારને પડકાર

અમદાવાદ,તા.૩૦

કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને પોલીસના પટ્ટા ઉતારવાના મુદ્દે આમ આદમી પાર્ટીનું સમર્થન મળ્યું છે. ત્યારે ગોપાલ ઈટાલિયા પણ આ મુદ્દે મેવાણીના સમર્થનમાં આવ્યા છે. આંકલાવના અંબાલી ચોકડી પાસે આમ આદમી પાર્ટીની કિસાન મહાપંચાયત યોજાઈ હતી. કિસાન પંચાયતમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ



ડ્રગ્સ અને દારૂ મુદ્દે રાજ્ય સરકારને ખુલ્લેઆમ પડકાર ફેંકતા કહ્યું હતું કે, કમરના પટ્ટા ગળે પહેરીને ફરતા અધિકારીઓના પટ્ટા ઉતરી જશે. અમારી સરકાર આવશે તો આવા અધિકારીઓને સાબરમતીમાં પ્રમોશન નહીં, પણ ટોમી કોઠરીમાં ધકેલી દેવાશે. જિજ્ઞેશ મેવાણીએ આપેલા પોલીસ પટ્ટાવાળા નિવેદન મુદ્દે આમ આદમી પાર્ટીએ આ મામલે કોંગ્રેસને સમર્થન આપ્યું છે. ઈસુદાન ગઢવીએ કહ્યું કે, અમે આ મામલે જિજ્ઞેશ મેવાણી સાથે છીએ. ભાજપ નાના પોલીસ કર્મીઓના પરિવારને મેદાનમાં ઉતારે છે. ભાજપ ડીજીપી કે અન્ય આઈપીએસના પરિવારને મેદાનમાં ઉતારે. રાજકોટ જિલ્લાના ધોરાજીનાં પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ ગુજરાતમાં દારૂ, જુગાર, ડ્રગ્સ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ગુજરાતનો યુવાન જીગ્નેશ મેવાણી દારૂ અને ડ્રગ્સ સામે અવાજ ઉઠાવીને પોલીસને કહે છે કે, મીઠી નજર અને હપ્તાખોરીને કારણે યુવાનો દારૂ ડ્રગ્સના રવાડે છે.

# અમદાવાદ એરપોર્ટ પર ૩૦ આઈફોન સાથે મહિલા પકડાઈ

અમદાવાદ,તા.૩૦

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. દુબઈથી આવેલા ફ્લાઈટમાં મુસાફરી કરીને આવી રહેલી એક મહિલા યાત્રી પાસેથી કુલ ૩૦ આઈફોન મળી આવ્યા હતા. સ્ક્રીનીંગ દરમિયાન શંકાસ્પદ હાવભાવ જોવા મળતા અધિકારીઓએ વિગતવાર તપાસ કરી હતી, જેમાં કિંમતી મોબાઈલ ફોન છુપાવી રાખેલા મળી આવ્યા હતા. આ તમામ આઈફોનની કુલ કિંમત અંદાજે ૪૩ લાખ થાય છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મહિલા આ ફોન ગેરકાયદેસર રીતે લાવવાનો પ્રયાસ કરી રહી હતી. કસ્ટમ્સ એક્ટ મુજબ ગેરકાયદે રીતે કિંમતી વસ્તુઓ દેશની અંદર લાવવાના પ્રયાસને ગંભીર ગુનો માનવામાં આવે છે. તેથી કસ્ટમ વિભાગે નિયમ મુજબ કાર્યવાહી શરૂ કરી છે અને વધુ તપાસ ચાલુ છે. કસ્ટમ અધિકારીઓએ મુસાફરોને ચેતવણી આપી છે કે મોંઘી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ લાવતા સમયે તે અંગે યોગ્ય ડિકલેરેશન કરવું ફરજિયાત છે. નહીં તો કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે.

# ડીજીજીઆઈએ ગુજરાતમાં ૮૦૦ કરોડના જીએસટી ફ્રોડ કેસોમાં ચાર આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ,તા.૩૦

ડીજીજીઆઈ અમદાવાદ ઝોનલ યુનિટે ગુજરાતમાં ચાલી રહેલા ત્રણ મોટા જીએસટી ફ્રોડ કેસોનો પર્દાફાશ કર્યો છે. આ ત્રણેય કેસમાં કુલ ૮૦૦ કરોડથી વધુના ફ્રોડ બિલો બનાવી ઈનપુટ ટેક્સ ક્રેડિટની લૂંટ ચલાવવામાં આવી હોવાનું તપાસમાં જણાયું હતું. આ કેસોમાં ડીજીજીઆઈએ ચાર મુખ્ય આરોપીઓની ૨૫થી ૨૮ નવેમ્બર દરમિયાન ધરપકડ કરી છે.



અમદાવાદથી બદ્રે આલમ પઠાણ અને એમ/એસ એ એચ એન્જીનીયરીંગ વર્કસના માલિક તૌફિક ખાનની ૨૭ નવેમ્બરે ધરપકડ કરવામાં આવી હતી. વાસ્તવિક માલની ખરીદી વગર તૌફિક ખાને ૪૫ કરોડના ફ્રોડ બિલ ખરીદીને નકલી આઈટીસીનો લાભ લીધો હતો, જેનાથી સરકારી ખજાનાને અંદાજે ૯ કરોડનું નુકસાન થયું છે. આ સિન્ડિકેટેડ ડિરેક્ટરાએ નકલી ઓળખપત્રો અને વર્ચ્યુઅલ ઓફિસો બનાવીને ધંધો ચલાવ્યો હતો. તપાસમાં અમદાવાદ, ચંદ્રપુર, મુંબઈ, રાજકોટ અને ભાવનગરમાં દરોડા પાડી અનેક શેલ કંપનીઓની વિગતો, મોબાઈલ-સિમકાર્ડ, ડિજિટલ રેકોર્ડ, બેંક ખાતાની માહિતી અને હવાલા ટ્રાન્ઝેક્શનના પુરાવા મળી આવ્યા છે.

# રાજ્ય સરકારમાં મોટા વહીવટી ફેરફારોના એંધાણ : ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં IAS-IPSની બદલીની શક્યતા

**મંત્રીઓના વિભાગો ફાળવાયા બાદ હવે કાયમી PA અને PSની ફાળવણી થશે**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં નવા મંત્રીમંડળનું વિસ્તરણ થયા બાદ હવે વહીવટી તંત્રમાં પણ મોટા ફેરફારોના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે, જેમાં રાજ્ય સરકાર ડિસેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં જ વ્યાપક સ્તરે IAS અને IPS અધિકારીઓની બદલી કરી શકે છે, લાંબા સમયથી અટકેલી આ પ્રક્રિયા હવે વેગ પકડશે તેવી શક્યતા છે. આ બદલીઓ દ્વારા નવા મંત્રીઓને કાયમી PA અને PS ફાળવવાની તેમજ પોલીસ વિભાગમાં લાંબા સમયથી વેઈટિંગમાં રહેલા અધિકારીઓને જિલ્લાઓમાં SP અથવા શહેરોમાં DCP જેવા મહત્ત્વપૂર્ણ પદો પર નવી પોસ્ટિંગ આપવાની તૈયારી ચાલી રહી છે. મંત્રીઓના વિભાગો ફાળવાયા બાદ હવે વહીવટી કામગીરીને મજબૂત બનાવવા અને દરેક વિભાગને યોગ્ય સહકાર મળે તે માટે નવા મંત્રીઓને કાયમી PA અને PS ફાળવવાની તૈયારી ચાલી રહી છે. હાલ SO અને DySO કક્ષાના અધિકારીઓ કામગીરી સંભાળી રહ્યા છે, પરંતુ આગામી દિવસોમાં મંત્રીઓને કાયમી સ્ટાફ ફાળવાશે જેથી વહિવટી કામગીરી સરળ બનશે.

# નર્મદા ખાતે આપ પ્રમુખના ભાઈ ૧૧ બોટલ દારૂ સાથે ઝડપાયો

નર્મદા,તા.૩૦

ગુજરાતમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી પર પોલીસ સતત કાર્યવાહી કરી રહી છે. ત્યારે આ વખતે ધરપકડ કરાયેલ વ્યક્તિ કોઈ સામાન્ય નાગરિક નથી પરંતુ નર્મદા જિલ્લાના આમ આદમી પાર્ટીના પ્રમુખ નિરંજન વસાવાનો ભાઈ વીરભદ્રસિંહ ઉર્ફે ભદ્રેશ વસાવા છે. ચોક્કસ માહિતીના આધારે નર્મદા એલસીબીએ રાત્રે દરોડો પાડ્યો હતો. ભદ્રેશ વસાવા પોતાના ઘરે ગેરકાયદેસર વિદેશી દારૂની ૧૧ બોટલ વેચવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે એલસીબી ટીમે તેને પકડી લીધો હતો.આ જપ્ત કરાયેલા માલમાં કુલ ૨૫,૦૦૦ નો દારૂ હતો. સૌથી ચોંકાવનારી વાત એ છે કે ભદ્રેશ વસાવા અગાઉ બે વાર દારૂની



હેરાફેરી કરવા બદલ પકડાઈ ચૂક્યો છે. તેની ૨૦૨૧ અને ૨૦૨૩ માં ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ છતા તે સુધર્યો નથી. આ ઘટનાએ નર્મદા જિલ્લાના રાજકીય પરિદ્શ્યને ગરમાવો આપ્યો છે.સ્થાનિક ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ આ મામલે આપ પર પ્રહારો કર્યા છે. ભાજપના જિલ્લા ઉપપ્રમુખે કહ્યું, ‘‘જો ‘પ્રામાણિક’ હોવાનો દાવો કરતી પાર્ટીના જિલ્લા પ્રમુખનો ભાઈ દારૂ વેચતા પકડાય તો લોકો શું વિચારશે?’’આ દરમિયાન, આપના નિરંજન વસાવાએ આ બાબતમાં સ્પષ્ટતા કરતા કહ્યું, ‘‘માત્ર એટલા માટે કે તે મારો ભાઈ છે, શું તેને છોડી દેવો જોઈએ? કાયદો બધા માટે સમાન છે.














